પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૯૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૮-૦૪-૨૦૨૩ શનિવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# અમૃતપાલ સરેન્ડર કરે, ભિંડરાંવાલા જેવો દેખાવા માટે સર્જરી કરાવી : અકાલ તખ્ત જથેદાર

અમૃતસર,

પંજાબમાં સર્જાયેલા વાતાવરણ બાદ જથેદાર જ્ઞાની હરપ્રીત સિંહે ચીફ અમૃતપાલ સિંહને વારસદાર પંજાબને સરેન્ડર કરવા કહ્યું. હકીકતમાં શ્રી દમદમા સાહિબ ખાતે અકાલ તખ્ત તરફથી એક બેઠક બોલાવવામાં આવી હતી. બેઠક પૂરી થયા બાદ જથેદાર જ્ઞાની હરપ્રીત સિંહે સમુદાયને સંદેશ આપ્યો હતો. તેમણે કહ્યું કે લોકશાહીના ચાર સ્તંભોમાંથી એક પ્રેસ છે. માત્ર પ્રેસ જ નહીં, ન્યાયતંત્રને પણ નબળું પાડવામાં આવી રહ્યું છે. સરકારને ખબર હોવી જોઈએ કે જો ચાર થાંભલા ટૂંકા કરવામાં આવે તો તે પોતે પણ સુરક્ષિત નથી.



તેમણે કહ્યું કે સરકાર પંજાબના અવાજને દબાવવાનો પ્રયાસ કરે છે, જે શક્ય નથી. પંજાબ અને હરિયાણાના લોકોને જેટલા દબાવવામાં આવશે તેટલા જ તેઓ બહાર આવશે. જો ૭૫ વર્ષની વાત કરીએ તો સરકારે પંજાબ સાથે ૭૫ વાયદા કર્યા હતા, પરંતુ એકપણ વચન પૂરું કર્યું નથી.

આ સાથે જ તેમણે મીડિયાને પણ કહ્યું કે તેઓ સમયાંતરે મીડિયાએ પણ સરકારનો કાન આંબોળવો જોઈએ જેથી સરકારને ખબર પડે કે મીડિયા જનતાનો અવાજ છે. તે જ સમયે, તેમણે શીખ વિરોધી અભિયાનને તોડવા માટે પંજાબ ફોબિયા જૂથ બનાવવાનું કહ્યું, જેના પર સત્ય બતાવવું જોઈએ.

જથેદાર જ્ઞાની હરપ્રીત સિંહે કહ્યું કે પંજાબનું વાતાવરણ બગાડવામાં આવી રહ્યું છે. તે શીખ રાજનો ધ્વજ હતો, તેને ખાલિસ્તાની કહીને બદનામ કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. દમદમા સાહિબમાં જ્યાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા છે, ત્યાં પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી. ભયંકર વાતાવરણ સર્જવાના પ્રયાસો થઈ રહ્યા છે. પંજાબીઓ બોલવાનું ચાલુ રાખશે - અવાજ દબાવી શકાશે નહીં. પંજાબમાં રોકશો તો મહારાષ્ટ્રમાંથી, અમેરિકામાંથી અવાજ ઉઠાવવામાં આવશે.

આ દરમિયાન જથેદાર જ્ઞાની હરપ્રીત સિંહે મીડિયા પર નિશાન સાધ્યું હતું. આ દરમિયાન તેમણે ખાલસા સ્થાપના દિવસ અને બૈસાખી પર બને તેટલું વધુ દમદમા સાહિબ પહોંચવાની અપીલ કરી હતી. મીડિયા પર નિશાન સાધતા તેમણે કહ્યું કે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયા પણ અહીં આવી ગયું છે. તેમના શબ્દોને સરબત ખાલસા ન કહેવાય.

વારિસ પંજાબ દેના વડા અમૃતપાલ સિંહ ભટિંડાના તલવંડી સાબો ખાતે સરેન્ડર કરી શકે છે. અકાલ તખ્તના જથેદાર હરપ્રીત સિંહ ખાસ બેઠકમાં પહોંચ્યા અને પછી સરેન્ડર કરી રહ્યા હોવાની ચર્ચા છે. અમૃતપાલ છેલ્લા ૨૧ દિવસથી ફરાર છે. પંજાબ પોલીસે તલવંડી સાબોમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરી છે. બીજી તરફ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ખાલિસ્તાની જરનૈલ સિંહ ભિંડરાંવાલા જેવો દેખાવા માટે અમૃતપાલે જ્યોર્જિયામાં પ્લાસ્ટિક સર્જરી કરાવી હતી. ૧૮ માર્ચે ફરાર થયા બાદ અમૃતપાલે ૨ વીડિયો જાહેર કર્યા હતા, જેમાં ૧૪મી એપ્રિલે બૈસાખીના તહેવાર પર તલવંડી સાબો ખાતે સરબત ખાલસા બોલાવવા અકાલ તખ્તના જથેદારને અપીલ કરવામાં આવી હતી.

સરબત ખાલસા હોય કે અમૃતપાલના કોલ પર ભીડ ભેગી થવાના મુદ્દે એડીજીપી એસપીએસ પરમારે કહ્યું હતું કે તેમની બેઠક મર્યાદિત લોકોની છે. કાર્યક્રમને લઈને પોલીસ એલર્ટ પણ છે. અત્યારે અમે સામાન્ય સુરક્ષાને સુધારવા માટે સંપૂર્ણ પગલાં લઈ રહ્યા છીએ. ૧૩મી એપ્રિલે તલવંડી સાબોમાં બૈસાખી મેળાને કારણે ઘણી ભીડ રહે છે. એટલાં માટે અહીં ફ્લેગ માર્ચ કાઢવામાં આવી રહી છે.

અમૃતપાલના પંજાબ આવવાના સમાચારથી પંજાબ પોલીસ એલર્ટ પર છે. ૨૭ માર્ચે જ્યારે અમૃતપાલ સિંહ અને તેનો સાથી પપલપ્રીત હોશિયારપુર પહોંચ્યા ત્યારે તેમણે ગુરુદ્વારામાં આશરો લીધો હતો. આ દરમિયાન ગુરુદ્વારાની એક અગ્રણી વ્યક્તિ અમૃતસર આવી હતી અને જથેદાર જ્ઞાની હરપ્રીત સિંહને મળી હતી. જોકે જથેદાર જ્ઞાની આ વાતને સમર્થન આપતા નથી. એવો અંદાજ છે કે વ્યક્તિએ જથેદાર જ્ઞાનીની હાજરીમાં સરેન્ડર કરવાનું કહ્યું હતું. હોશિયારપુરના જે ગુરુદ્વારામાં અમૃતપાલ રોકાયો હતો, એની મુલાકાત અમૃતપાલે પહેલાં પણ કરી હતી.

જરનૈલ સિંહ ભિંડરાંવાલાની જેમ દેખાવા માટે અમૃતપાલે જ્યોર્જિયામાં પ્લાસ્ટિક સર્જરી કરાવી હતી. દિબ્રૂગઢ જેલમાં બંધ તેના એક સાથીએ પૂછપરછ દરમિયાન આ વાતનો ઘટસ્ફોટ કર્યો હતો. તેણે પંજાબ પોલીસને જણાવ્યું હતું કે અમૃતપાલે પંજાબ આવવાના બે મહિના પહેલાં આ સર્જરી કરાવી હતી. તેણે અહીં હથિયાર વાપરવાની તાલીમ લીધી હતી, જેમાં તેને શીખ ફોર જસ્ટિસના હેન્ડલર પરમજિત પમ્મા અને ગુરપતવંત પન્નુએ ટેકો આપ્યો હતો. અહીં અમૃતપાલ આ બંનેના જ સંપર્કમાં હતો.

અમૃતપાલની ધરપકડ પંજાબ પોલીસ ફોર્સ માટે નાકનો સવાલ બની ગયો છે. લગભગ ત્રણ સપ્તાહથી પંજાબ પોલીસ પર હુમલો કરી રહેલા અમૃતપાલને પકડવા માટે પોલીસ મરણીયા પ્રયાસો કરી રહી છે. જોકે અમૃતપાલના ૧૧૪ જેટલા સાથીઓની પોલીસે ધરપકડ કરી હતી.ત્યારે પોલીસે અમૃતપાલની ધરપકડ સુનિશ્ચિત કરવાની યોજના બનાવી છે. આ ક્રમમાં પોલીસ દળે ૧૪ એપ્રિલ સુધી તમામ પ્રયાસો કર્યા છે. જેને લઈને તમામ પોલીસ કર્મીઓની રજાઓ રદ કરવામાં આવી છે.

## બનાસકાંઠા, રાજકોટ સહિત ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં વરસાદી ઝાપટાં

ગાંધીનગર,

રાજ્યમાં એક પછી એક માવઠાની આગાહીની ઉપાધિ જોવા મળી રહી છે. ઉનાળાના પ્રારંભની સાથે જ માવઠાએ મોકાણ સર્જતા ઠેર-ઠેર અનેક વિસ્તારોના વાતાવરણમાં બદલાવ જોવા મળી રહ્યો છે. તેવામાં આજે ફરી રાજ્યના કેટલાક વિસ્તારોના વાતાવરણમાં પલટો આવ્યો છે. વહેલી સવારથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતવારણ જોવા મળી રહ્યું હતું તો કેટલાક વિસ્તારમાં વરસાદી છાંટા પણ પડ્યા હતાં જેના કારણે ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે.

આજ સવારથી બનાસકાંઠા જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો આકાશમાં કાળા ડીબાંગ વાદળો જોવા મળી રહ્યા હતાં સમગ્ર જિલ્લામાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. સાથે જ મિશ્ર વાતાવરણના કારણે રોગચાળોએ પણ માથું ઉચક્યું છે.

આ ઉપરાંત અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. માલપુરમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. વરસાદ થતાંની સાથે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખેડૂતોમાં મકાઈ, બાજરી સહિતનાં પાકમાં નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. મહત્ત્વનું છે કે, કમોસમી વરસાદ પડે તો મોટાભાગે શાકભાજીને નુકસાન પહોંચશે. આ ઉપરાંત ઘઉં, એરંડા, વરિયાળી જીરું, બટાકા અને કપાસ જેવા પાકોને પણ ભારે નુકસાન થઈ શકે તેમ છે. વરસાદી છાંટા પડવાથી પાકના પાંદડા બગડી જાય અને ખરી પડે તો છોડનો વિકાસ અટકી જાય અને ભારે નુકસાન થાય. સાબરકાંઠા જિલ્લામાં પણ વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે. વાતાવરણ પલટાને લઈ ખેડૂતોની ચિંતા વધી છે. ખેડૂતોને કમોસમી વરસાદથી તમાકુ, દિવેલા, ચણાના પાકને નુકસાનની ચિંતા સતાવી રહી છે. તો તરબૂચ, સક્કરટેટી, શાકભાજીને પણ નુકસાન થઈ શકે છે.

વાદળછાયા વાતાવરણ વચ્ચે શહેરીજનોને ગરમીથી રાહત મળી છે. સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદના ઝાપટા પડ્યા છે. રાજકોટ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં પણ કમોસમી વરસાદ વરસાદ પડ્યો છે. વહેલી સવારે અનેક વિસ્તારોમાં વરસાદી ઝાંપટા પડતા ખેડૂતોની મુશ્કેલી વધી છે. આજે ગોંડલ, લોધીકા અને કોટડા સાંગાણી સહિતના વિસ્તારોમાં માવઠું પડ્યું છે. કમોસમી વરસાદથી ખેડૂતોને ખેતીમાં નુકસાન થઈ શકે છે. વરસાદથી ઘઉં, લસણ, મકાઈ, કપાસ, બાજરી સહિત ઘાસચારાને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે

## સટ્ટાબાજીની ઓનલાઇન ગેમ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે : સરકારે નવી એડવાઈઝરી જાહેર કરી

નવીદિલ્હી,

ટીમ બનાવો, ઈનામ મેળવો, દાવ લગાવો અને નસીબ બદલો. આવી લલચાવનારી જાહેરાતો દ્વારા સટ્ટો લગાવીને રૂપિયા કમાવવાનું સપનું બતાવતી ઓનલાઈન ગેમ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. કેન્દ્ર સરકારે ગુરુવારે આ અંગે એડવાઈઝરી જાહેર કરી છે. સરકારે કહ્યું હતું કે સેલ્ફ રેગ્યુલેટરી ઓર્ગેનાઈઝેશન દ્વારા ઓનલાઈન ગેમની તપાસ કરવામાં આવશે. નિયમોનું પાલન થાય તો જ ઓનલાઈન ગેમ્સને પબ્લિક પ્લેટફોર્મ પર ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. આ સાથે, સૂચના અને પ્રસારણ મંત્રાલયે કહ્યું હતું કે મીડિયા પ્લેટફોર્મ્સે પણ સટ્ટાબાજીની જાહેરાતો ચલાવવાનું ટાળવું જોઈએ. જો એડવાઈઝરી નહીં સ્વીકારાય તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.




આઈટી રાજ્યમંત્રી ચંદ્રશેખરે કહ્યું હતું કે સેલ્ફ રેગ્યુલેટરી ઓર્ગેનાઈઝેશન દ્વારા ઓનલાઈન ગેમની તપાસ કરવામાં આવશે. માત્ર એવી ઓનલાઈન ગેમ્સને જ મંજૂરી આપવામાં આવશે, જેમાં સટ્ટાબાજીનું કોઈ કામ ન હોય. મીડિયામાં ચાલતી સટ્ટાબાજીની જાહેરાત અંગે સરકારે કહ્યું હતું કે સટ્ટાબાજી અને જુગાર કાયદા મુજબ ગેરકાયદે છે. એનો પ્રચાર કરવાનું ટાળો. સરકારનું કહેવું છે કે જો કોઈ મીડિયા પ્લેટફોર્મ પ્રત્યક્ષ કે આડકતરી રીતે સટ્ટાબાજીની જાહેરાત કરશે તો તેને કાયદાનું ઉલ્લંઘન ગણવામાં આવશે.

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) નિયમો ૨૦૨૧ અનુસાર, મંત્રાલયે કહ્યું હતું કે સટ્ટાબાજીના પ્લેટફોર્મની જાહેરાતો એક ગેરકાયદે પ્રવૃત્તિ છે, જે ડિજિટલ મીડિયા પર બતાવી શકાતી નથી.એડવાઈઝરીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મંત્રાલયના ધ્યાનમાં આવ્યું છે કે પ્રમોશનલ કન્ટેન્ટ અને બેટિંગ પ્લેટફોર્મની જાહેરાતો હજુ પણ કેટલાંક ન્યૂઝ પ્લેટફોર્મ અને OTT પ્લેટફોર્મ પર દેખાઈ રહી છે. ઑનલાઇન ઑફશોર સટ્ટાબાજીના પ્લેટફોર્મ્સે જાહેરાત કરવા માટે સરોગેટ પ્રોડક્ટ તરીકે સમાચાર વેબસાઇટ્સનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે.

ઓક્ટોબર ૨૦૨૨માં કેન્દ્ર સરકારે ન્યૂઝ વેબસાઈટ્સ,ઓટીટી પ્લેટફોર્મ અને ખાનગી સેટેલાઈટ ચેનલોને સટ્ટાબાજીની વેબસાઈટ્સ અથવા એપ્સના જાહેરાત પ્લેટફોર્મ પર ન ચલાવવાનો નિર્દેશ આપ્યો હતો. એ જ સમયે જૂન ૨૦૨૨માં કેન્દ્રએ બાળકોને લક્ષ્ય બનાવતી ભ્રામક જાહેરાતોને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકા પણ જાહેર કરી હતી.જાહેરાત કરનારા ફિલ્મ કલાકારોની જવાબદારી ફિક્સ કરવાની વાત હતી. સરોગેટ જાહેરાતો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જાહેરાત એની સત્યતા સાબિત કર્યા વિના પ્રતિબંધિત કરવામાં આવી હતી. એનો હેતુ ભ્રામક જાહેરાતોને રોકવાનો છે.

મંત્રાલયે ઓક્ટોબર ૨૦૨૨માં કહ્યું હતું કે ઘણી ન્યૂઝ વેબસાઈટ માત્ર સટ્ટાબાજીના પ્લેટફોર્મ માલિકો દ્વારા જ ઓપરેટ કરવામાં આવી રહી છે. આ ન્યૂઝ વેબસાઈટ્સના લોગો કંઈક અંશે બેટિંગ પ્લેટફોર્મ જેવા જ દેખાય છે. સટ્ટાબાજીના પ્લેટફોર્મ આ સમાચાર વેબસાઈટ્સનો પ્રોડક્ટ તરીકે ઉપયોગ કરીને પોતાનો પ્રચાર કરી રહ્યા છે.તપાસ કરતાં જાણવા મળ્યું કે આવી સટ્ટાબાજી અને ન્યૂઝ વેબસાઈટ કોઈ કાનૂની સત્તા સાથે રજિસ્ટર્ડ નથી. એ સ્પષ્ટ છે કે સટ્ટાબાજીના પ્લેટફોર્મ ન્યૂઝ વેબસાઈટની આડમાં ગેરકાયદે પ્રચાર કરી રહ્યા છે. સટ્ટાબાજી અને જુગાર ભારતમાં ગેરકાયદે છે. કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ ૨૦૧૯ હેઠળ, જો કોઈ વ્યક્તિ ભ્રામક જાહેરાત બતાવે છે, તો એને ગુનો ગણવામાં આવશે. સટ્ટાબાજીની જાહેરાતો પણ ભ્રામક હોય છે. આ કારણોસર સટ્ટાબાજી અને જુગાર માટેની જાહેરાતો કોઈપણ પ્લેટફોર્મ પર બતાવી શકાતી નથી.

## ગુજરાત સરકારનો નિર્ણય, વધારાના વીજ લોડ પર ખેડૂતોને દંડમાંથી મુક્તિ, ચાર્જ વીજ કંપની ભોગવશે

ગાંધીનગર,

રાજ્ય સરકારે ખેડૂતોને વધારાના વીજ લોડના દંડમાંથી મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે. ખેતી માટે વીજ કનેક્શન ધરાવતા ખેડૂતોએ હવે વધારાના વીજ લોડ પર દંડ નહીં ભરવો પડે. હવે સ્થળ પર જ પૈસા ભરીને વીજ લોડ પણ વધારી શકાશે.ગુજરાત સરકાર સમક્ષ કિસાન સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે સરકારે આ નિર્ણય લીધો છે અને રાજ્યના અનેક ખેડૂતોને ખેતી માટે મોટી રાહત મળી છે.

લોડ વધારાની અરજી બાદ ખેડૂતોને માત્ર ડિપોઝીટ ચુકવવાની રહેશે. ખેડૂતોને સ્થળ પર પૈસા ભરી લોડ વધારી અપાશે. અને લોડ વધારવા બાબતનો ચાર્જ વીજ કંપની ભોગવશે. બીજી તરફ સરકારે સ્વૈચ્છિક જાહેર યોજનાની સમય મર્યાદા વધારવામાં આવી છે. આ યોજનાની મુદત ૩૧ મે ૨૦૨૩ સુધી લંબાવાઈ છે. કિસાન સંઘની રજૂઆત પર સરકારે આ નિર્ણય લીધો છે.

## મહુડી મંદિરમાં ઉચાપતનો કેસ, માણસા કોર્ટે બંને આરોપી ટ્રસ્ટીઓના ૪ દિવસના રિમાન્ડ મંજુર કર્યા

ગાંધીનગર,

ગુજરાતના સુપ્રસિદ્ધ તીર્થધામ મહુડીના બે ટ્રસ્ટીઓ સામે ચોરીની ફરિયાદ નોંધાઈ છે. મંદિરના અન્ય ટ્રસ્ટીએ માણસા પોલીસ સ્ટેશનમાં ૪૫ લાખનું સોનાનું વરખ અને સોનાની ચેઈન ચોર્યાની ફરિયાદ નોંધાવી છે. તે ઉપરાંત આરોપી ટ્રસ્ટીઓ પર મંદિરના ભંડારમાંથી રોકડ રકમની પણ ઉચાપત કરી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. માણસા પોલીસે બંને ટ્રસ્ટીઓની ધરપકડ કરીને તેમને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતાં. માણસા કોર્ટે બંનેના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતના સુપ્રસિદ્ધ જૈન તીર્થ તરીકે જાણિતા મહુડી મંદિરમાં આઠ ટ્રસ્ટીઓ છે. આ આઠ ટ્રસ્ટીઓમાંથી ભૂપેન્દ્ર શાંતિલાલ વોરાએ માણસા પોલીસ સ્ટેશનમાં અન્ય ટ્રસ્ટી નિલેશભાઈ મહેતા તથા સુનિલભાઈ મહેતા સામે મંદિરમાંથી ભગવાનનું સોનાનું વરખ અને સોનાની ચેઈન સહિત મંદિરના ભંડારમાંથી રોકડ રકમની ઉચાપત કરી હોવાનો આરોપ લગાવીને ફરિયાદ નોંધાવી છે. તેમણે ફરિયાદમાં કહ્યું હતું કે, ભગવાનના સોનાનો વરખ વર્ષમાં એક વખત ઉતારવામાં આવે છે. ત્યાર બાદ તેને ટ્રસ્ટીઓની હાજરીમાં ગાળવામાં આવે છે. આ વખતે આ વરખનું ૭૦૦થી ૮૦૦ ગ્રામ જેટલું વજન ઓછું નીકળતાં શંકા સેવાઈ હતી. આ બંને જણાએ મંદિરના ભંડારમાંથી પણ રોકડ રકમની ઉચાપત કરી હોવાનું જણાઈ આવ્યું હતું.

આ દરમિયાન સ્ટાફના માણસોને પુછતાં તેમણે કહ્યું હતું કે, થોડા દિવસો પહેલાં નિલેશભાઈ મહેતા અને સુનિલભાઈ મહેતા આવ્યા હતાં. તેમણે અમારી હાજરીમાં સોનાના વરખની ડોલ બહાર કાઢી હતી. તેની સાથે સોના અને ચાંદીની લગડીઓ પણ બહાર કાઢી હતી. ત્યાર બાદ તેમણે અમને બધાને જમવા મોકલી દીધા હતા. અમે જ્યારે જમીને આવ્યા ત્યારે આ બંને ટ્રસ્ટીઓ પાસે બે થેલા હતાં તે ત્યાંથી ગાયબ થયેલ માલુમ પડ્યું હતું. મંદિરના અન્ય ટ્રસ્ટીઓએ સીસીટીવી ફૂટેજ ચકાસતાં આ પ્રકારની હિલચાલ હોવાનું સ્પષ્ટ પણે દેખાઈ આવ્યું હતું. જેથી ભૂપેન્દ્રભાઈ વોરાએ માણસા પોલીસ સ્ટેશનમાં આ બાબતને ફરિયાદ કરતાં પોલીસે બંને ટ્રસ્ટીઓની ધરપકડ કરી હતી.

## રાહુલ ગાંધીની વાયનાડ ઓફિસના ફોન, ઈન્ટરનેટ કનેક્શન કપાયા

નવીદિલ્હી,

કોંગ્રેસના યુવા નેતા રાહુલ ગાંધીનું વાયનાડનું લોકસભા સભ્યપદ રદ થયા બાદ હવે તેઓ દિલ્હીમાં સાંસદ તરીકે જે બંગલો ધરાવે છે તે પણ ખાલી કરવા માટે નોટીસ અપાઈ છે અને હવે તેઓની વાયનાડની ઓફિસમાં સાંસદ તરીકે જે ફોન તથા ઈન્ટરનેટ કનેકશન મળ્યા હતા તે પણ કાપી નાંખવામાં આવ્યા છે.

રાહુલનો વાયનાડની ઓફિસનો ફોન ૦૪૯૩૬-૨૦૯૯૮૮નું કનેકશન કાપી નાખવામાં આવ્યું છે. જેના પર તમોને બ્રોડબેન્ડનું કનેકશન પણ મળ્યુ હતું જે પણ કાપવામાં આવ્યું છે. રાહુલ ગાંધીને સાંસદ તરીકે જે રેલવે તથા હવાઈ મુસાફરીના ‘પાસ’ મળતા હતા તે પણ ઈનએકટીવ થયા છે અને આ રીતે તેઓને હવે પુર્વ સાંસદ તરીકે જે સુવિધા મળવાપાત્ર હશે તે જ મળશે.રાહુલ ગાંધીને સુરતની કોર્ટમાં મોદી સરનેમ કેસમાં જે રીતે ગુન્હેગાર જાહેર કરીને બે વર્ષની જેલ સજા ફટકારી છે તે બાદ તેઓએ સભ્યપદ પણ ગુમાવ્યુ છે.

## નિરાશાજનક બજેટસત્ર / ૫ વર્ષમાં સૌથી ઓછી કામગીરી, લોકસભાની કાર્યવાહી ૧૩૩ કલાકમાંથી માત્ર ૪૫ કલાક જ ચાલી

નવીદિલ્હી,

ચાલુ વર્ષે સંસદમાં બજેટસત્રની કામગીરી અત્યંત નિરાશાજનક જોવા મળી હતી. કારણ કે, બજેટ સત્ર દરમિયાન પાંચ વર્ષમાં સૌથી ઓછી કામગીરી થઈ છે. લોકસભાની કાર્યવાહી ૧૩૩ કલાકમાંથી માત્ર ૪૫ કલાક જ ચાલી શકી હતી.

જ્યારે તેવી જ રીતે રાજ્યસભાની કાર્યવાહી પણ ૧૩૦ કલાકોમાંથી માત્ર ૩૧ કલાક સુધી જ ચાલી હતી. લોકસભાએ પ્રશ્નકાળ પાછળ ૪.૩૨ કલાક જ્યારે રાજ્યસભાએ ૧.૮૫ કલાક જ ફાળવ્યા હતા પીઆરએસ લેજિસ્લેટિવ રિસર્ચ દ્વારા જાહેર કરાયેલા ડેટા મુજબ આ વખતના બજેટ સત્રમાં લોકસભાની પ્રોડક્ટિવિટી ૩૪.૩૮ ટકા રહી હતી.

તેવી જ રીતે રાજ્યસભાની પ્રોડક્ટિવિટી ૨૪.૪ ટકા રહી છે. રાજ્યસભાએ નોન-લેજિસ્લેટિવની કામગીરી પાછળ ૨૦ કલાક જ્યારે રાજ્યસભાએ ૧૮ કલાક આપ્યા હતા. લોકસભામાં સરકાર દ્વારા કુલ આઠ બિલ રજુ કરાયા હતા.

જેમાંથી માત્ર છ જ પસાર કરી શકાયા હતા. જ્યારે ૨૯ સવાલોનો મૌખીક જવાબ આપવામાં આવ્યો હતો. ૧૯૫૨થી અત્યાર સુધી આ વખતનું બજેટ સત્ર છઠ્ઠુ સૌથી ટૂંકુ બજેટસત્ર સાબિત થયું હતું.

## નાઈજીરિયામાં અંધાધૂંધ ફાયરીંગ : ૫૦ના મોત : બજારને આગ ચાંપી

ઓટુમ્પો,

ઉત્તરી-મધ્ય નાઈજીરીયાના એક ગામમાં બંદૂકધારીઓએ બે અલગ-અલગ હુમલામાં ઓછામાં ઓછા ૫૦ લોકોની હત્યા કરી દીધી છે. ઓટુક્પોની સ્થાનિક સરકારના વડા રૂબેન બાકોએ જણાવ્યું હતું કે બન્યૂ રાજ્યના ઉમોગિદી ગામમાં બુધવારે બંદૂકધારીઓએ ૪૭ લોકોની હત્યા કરી નાંખી હતી.

એક દિવસ અગાઉ પણ આ જ સ્થળે ત્રણ લોકોની હત્યા કરવામાં આવી હતી. સ્થાનિક રાજ્ય પોલીસ અને એનેની સેવુઈસે આ હુમલાની પુષ્ટી કરતા જણાવ્યું હતું કે હુમલાખોરોએ એક બજારમાં આગ પણ લગાડી હતી.

અધિકારીઓનું કહેવું છે કે સ્થાનિક કેટલાક લોકો પર આ અંગે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ખેડૂતોએ તેમની પર પશુઓને ચરાવવા તથા તેના પાકનો નાશ કરવાનો આરોપ લગાવ્યો છે. પશુ ચરાવનારા લોકોનું કહેવું છે કે પાક પશુઓ માટે છે અને વર્ષ ૧૯૬૫માં દેશને આઝાદી મળી ત્યારે તેમને કાયદા દ્વારા સમર્થન પણ મળ્યું હતું.

નાઈજિરાયના ઉત્તર પશ્ચિમ તથા મધ્ય ભાગોમાં કૃષિ સાથે જોડાયેલા સમૂહો તથા સ્થળાંતરિત જીવન જીવતા લોકો વચ્ચે દાયકાઓથી સંઘર્ષ ચાલી રહ્યો છે. જોકે તેમની વચ્ચે અવાર-નવાર વિવાદ તથા ઝઘડા થતા હોય છે. આ વિસ્તારમાં પરિવાર નાના બની રહ્યા છે તથા ગરીબી અને ભૂખમરાની સ્થિતિ વધી રહી છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

એન. કે. ચાવડા

તરફથી અભીનંદન....

મુ. ઈટવાડી,
તા. હાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

આર. કે. શાહ

તરફથી અભીનંદન....

મુ. અભેટવા,
તા. હાલોલ,
જી. પંચમહાલ

## જમ્મૂ-કાશ્મીરમાં ૨ દાણચોરોની ધરપકડ:૭૦ કરોડનું હેરોઇન અને ૧૧.૮૨ લાખ રોકડા મળી આવ્યા, આ કન્સાઈન્મેન્ટ પાકિસ્તાનમાંથી આવ્યું હતું

શ્રીનગર,

સીમા પારથી ડ્રગ્સની હેરાફેરી કરનાર બે તસ્કરોની પોલીસે ધરપકડ કરી છે. આ તસ્કરો પાસેથી ૭૦ કરોડ રૂપિયાની કિંમતનું ૧૧ કિલો હેરોઈન અને રૂ. ૧૧.૮૨ લાખ રોકડા મળી આવ્યા હતા. બંનેની જ્યારે પૂછપરછ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે આ કન્સાઈન્મેન્ટ પાકિસ્તાનમાંથી મોકલવામાં આવ્યું હતું.

આ ગેંગના અન્ય સભ્યો વિશે પણ બંનેની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે બંને તસ્કરો શ્રીનગરમાં ભાડાના મકાનમાં રહે છે. ચોક્કસ બાતમીના આધારે શ્રીનગર પોલીસે રાજબાગમાં ગુલામ મોહમ્મદ ડારના ઘરે દરોડા પાડ્યા હતા.

તપાસ દરમિયાન ૧૧.૦૮૯ કિલો હેરોઈન અને ૧૧૮૨૫૦૦ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. કુપવાડા જિલ્લાના કરનાહ વિસ્તારના નચ્યાન ગામના સજ્જાદ અહમદ બદાના અને અમરોઈના ઝહીર અહમદ નામના બે તસ્કરોની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર આ રકમ હેરોઈનના વેચાણથી એકઠી કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બંનેએ પૂછપરછ દરમિયાન કબૂલાત કરી છે કે તેઓ લાંબા સમયથી આ વ્યવસાયમાં છે. જોકે, સરહદ પારથી સતત નાર્કો ટેરિરિઝમને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ભૂતકાળમાં કુપવાડા, બાંદીપોરા અને બારામુલ્લામાં એલઓસીથી ડ્રગની દાણચોરીના અનેક કેસ મળી આવ્યા છે.

ડ્રગ્સનો જથ્થો પાકિસ્તાનથી આવ્યો છે. રાજબાગ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. નશીલા પદાર્થોની હેરાફેરી કરનારાઓ સામે આગળની કાર્યવાહી ચાલુ રહેશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સંજેલી સંતરામપુર એસટી બસની બ્રેક ફેલ થતા પીકઅપ સાથે અકસ્માત સર્જાયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર થી સંજેલી તરફ મીની બસનો મેન્ટેનન્સ કર્યા વિના સેલ સ્ટાર્ટ વિનાની બસ સંજેલી સંતરામપુર માટે આપી હતી. જે સંજેલી થી સંતરામપુર જવા માટે મુસાફરોથી ધક્કો મારતા બસનું બ્રેક ડાઉન થઈ હતી. પીકઅપ ડાલા સાથે અથડાતા બસનો મેન ગ્લાસ તૂટી ગયો હતો. સદ્નસીબે મોટી જાનહાની ટળી હતી. ડ્રાઈવર, પી.એસ.માલઆ....**

સંતરામપુર,

સંજેલી સંતરામપુર એસટી બસનું બ્રેક ફેલ થતાં બસ સંતરામપુર રોડ પર ભરચક વિસ્તાર માંથી દોડી હતી અને સંતરામપુર રોડ ઉભેલી પીકઅપ ડાલા સાથે અથડાતા મોટી જાનહાની ટળી હતી અને રાહદારીઓમાં નાશ ભાગ મચી જવા પામી હતી.

સંજેલી સંતરામપુર રોડ પર દરરોજ મીની બસ દોડાવવામાં આવી રહી છે. સદ્નસીબે GJ-18-Z-3320 નંબરની બસ સંતરામપુર ડેપો માંથી ડ્રાઈવર પી.એસ.માલને સંજેલી સંતરામપુર સાંજના સમયે ટ્રીપ માટે સોપવામાં આવી હતી. તે જ દરમિયાન સંજેલી ખાતે મુસાફરો ભરી અને પહોંચ્યા હતા અને સાંજના ૨૦ જેટલા મુસાફરો સંતરામપુર જવા માટે બસની રાહ જોઈ રહ્યા હતા. તે દરમિયાન આ મીની બસ આવતા જ તેને પરત સંતરામપુર જવા માટે ધક્કો માર્યો હતો. તે દરમિયાન બસની અચાનક જ બ્રેક ફેલ થતાં બસ ભરબજારમાં સંતરામપુર રોડ તરફ ઉભા રોડે ભાગી હતી. સદ્નસીબે ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ જાળવી રાખતા સંતરામપુર રોડ તરફ રાહિયા ફુવા નજીક રોડ પર ઉભેલ પીકઅપ ડાલા સાથે અથડાઈ હતી. જેમાં સદ્નસીબે ચાલક સહિત એસટી બસનો આબાદ બચાવો થયો હતો.

# વિરપુરના કુંભરવાડી ગામે મકાનની પરસાડમાં ઝહેરી કોબ્રા સાંપ આવી જતા રેસ્ક્યુ કરાયું


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

વિરપુર,

મહીસાગર વિરપુર તાલુકામાં આવેલ કુંભરવાડી ગામે એક ફળિયામાં મકાનમાં રહેતા હિતેશભાઈ પંચાલના મકાનની પરસાડના ભાગે અત્યંત ખૂબ જ ઝહેરી પ્રજાતિનો પ્રેક્ટિકલ કોબ્રા સાપ ઘૂસી આવતા પરિવારના સભ્યોમાં નાસભાગ મચી જવા પામી હતી. ત્યાર બાદ સ્થાનિક રહીશ નૈતિકભાઈ ત્રિવેદી દ્વારા સાપ રેસ્ક્યુ કરતા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમને જાણ કરવામાં આવી હતી. જે બાદ ટીમના મેમ્બર હિતેશભાઈ પ્રજાપતિ ઘટના સ્થળે પોહચ્યા હતા અને સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વિરપુર તાલુકાના કુંભરવાડી ગામે એક મકાનની પરસાડના ભાગમાં એક બ્લેક કલરનો ફીણ વાડો સાપ ઘૂસી આવ્યો છે. તેવો કોલ નૈતિકભાઈ ત્રિવેદી દ્વારા વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ ટીમના મેમ્બર હિતેશભાઈ પ્રજાપતિને કરવામાં આવતા હિતેશભાઈ સ્થળ પર દોળી આવ્યા હતા અને સાપનું રેસ્ક્યુ કાર્ય હાથ ધર્યું હતું. તેઓના જણાવ્યા પ્રમાણે આ એક ખૂબ જ ઝહેરી પ્રજાતિનો પ્રેક્ટિકલ કોબ્રા સાપ છે, તે ખૂબ ઝહેરી આવે છે, દેશી ભાષામાં તેને નાગ પણ કહેવાય છે. ત્યારે આવા ઝહેરીલા સાપથી ડરવાની જરૂર નથી પંરતુ સાવચેતી રાખવી જરૂરી છે અને કોઈ પણ સાપ નીકળે તો રેસ્ક્યુ ટીમને જાણ કરવા હિતેશભાઈએ જણાવ્યું હતું. ત્યારે મકાનની પરસાડ માંથી આ પ્રેક્ટિકલ કોબ્રા સાપનું સફળ રેસ્ક્યુ કરી માનવ રહેણાંક વિસ્તારથી દૂર સુરક્ષિત સ્થળે છોડી મૂક્યો હતો. ત્યારે આવા અત્યંત ઝહેરી સાપને મકાનની પરસાડ માંથી સફળ રેસ્ક્યુ કરી લેતા લોકોએ અને પરીવારે હાશકારો અનુભવ્યો હતો.

# ચોમાસાને લઈને સૌથી મોટી આગાહી, ગુજરાતમાં તોફાની રહેશે પ્રિ મોન્સૂન એક્ટિવિટી!

અમદાવાદ,

ભરઉનાળે માવઠાનો માર સહન કર્યા બાદ ખેડૂતોની સ્થિતિ કફોડી થઈ ગઈ છે. તેવામાં હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ ગુજરાતના ખેડૂતોની ખેતીનું ભવિષ્ય કઈ તરફ જઈ રહ્યું છે તેને લઈને સૌથી મોટું અનુમાન વ્યક્ત કર્યુ છે. સાથે જ આ વખતેનું ચોમાસું કેવું રહેશે તેને લઈને પણ અનુમાન વ્યક્ત કરાયું છે. ગુજરાતનો ખેડૂત છેલ્લા દોઢ મહિનાથી ભરઉનાળે માવઠાંનો માર સહન કરી રહ્યુ છે. આવી ભયંકર પરિસ્થિતિ વચ્ચે સચોટ અનુમાન કરનાર હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ ચોમાસને લઈ જોરદાર અનુમાન વ્યક્ત કર્યુ છે. આ આગાહી સાંભળી ખેડૂતોના ચહેરા પર જે સ્મિત માવઠાંએ છીનવી લીધુ છે, તે સ્મિત પાછું આવી જશે. ગુજરાતનો ખેડૂત હરખામાં આવી જશે. બસ હવે થોડી જ ક્ષણોમાં તમારા ચોમાસાને લઈ થયેલા તમામ પ્રશ્નોના જવાબો તમને મળશે. પરંતુ તે પહેલા ખાનગી હવામાન સંસ્થાના દાવાને જોઈએ તો તેનું કહેવું છે કે, ગુજરાતમાં ચોમાસું ખૂબ જ અનિયમિત રહેશે. જેને સાંભળી ખેડૂતો ભારે ચિંતામાં મુકાઈ ગયા છે. પરંતુ આ ખાનગી હવામાન સંસ્થાના દાવાને હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ પડકાર્યો છે. પરેશ ગોસ્વામીના મતે ગુજરાતના ખેડૂતોએ ચિંતા કરવાની જરૂર નથી. કેમ કે, ગુજરાતના ચોમાસા પર અલનીનોની કોઈ ખરાબ અસર નહીં થાય. સાથે અલનીનોની અસરને અન્ય બે સિસ્ટમ દબાવી દેશે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. એટલે કે ગુજરાતના ખેડૂતોને મે મહિનાના ત્રીજા અઠવાડિયાથી મોન્સૂનની પ્રિ એક્ટિવિટી જોવા મળી શકે છે. એટલે કે ખેડૂતોએ મે મહિનાથી જ વાવણીની તૈયારી ખેડૂતોએ કરી લેવી પડશે. જોકે, ખેડૂતોએ વાવણીલાયક વરસાદ માટે થોડી રાહ જોવી પડશે. કેમ કે, એમ તો ગુજરાતમાં જૂનના ત્રીજા અઠવાડિયામાં નૈઋત્યનું ચોમાસું બેસતું હોય છે. જે આ વખતે વહેલું બેસી શકે તેવું અનુમાન પરેશ ગોસ્વામીએ વ્યક્ત કર્યુ છે. સાથે જ આ વખતે વાવણી લાયક વરસાદ બે તબક્કામાં જોવા મળશે. એમ જોવા જઈએ તો સામાન્ય રીતે ગુજરાતમાં ચોમાસા દરમિયાન ત્રણ તબક્કામાં વાવણી ખેડૂતો કરે છે. આ વખતે બે તબક્કામાં વાવણી ખેડૂતો કરી શકે છે.

જૂન મહિના બાદ જૂલાઈ મહિનાના ચોમાસાની વાત કરીઓ તો પરેશ ગોસ્વામીના અનુમાન પ્રમાણે આ સમયગાળા દરમિયાન ગુજરાતમાં મેઘો જોરદાર મંડાઈ ગયો હશે. સમગ્ર ગુજરાતમાં જૂલાઈ મહિનામાં ચોમાસું જોરદાર ધડબડાટી બોલાવશે. જે પ્રમાણે ૨૦૨૨માં સમગ્ર ચોમાસા દરમિયાન મેઘો તોફાને ચડ્યો હતો, તે જ રીતે આ વખતે પણ જૂલાઈ મહિનામાં મેઘો હાથે નહીં જાલે તેવી રીતે ભૂક્કા કાઢી નાખશે.

પરેશ ગોસ્વામીના આ દાવાએ ખેડૂતોને ચિંતામાં મુકી દીધા છે. કેમ કે, ભરઉનાળે ચોમાસા જેવો વરસાદ થતાં ખેડૂતોનો મોટા પ્રમાણમાં પાક નષ્ટ થઈ ગયો હતો. જો જૂલાઈમાં પણ આવો વરસાદ થયો તો ખેડૂતો પાયમાલી તરફ ધકેલાઈ શકે છે. આ અનુમાન સાંભળી ખેડૂતોનો જીવ તાળવે ચોંટી ગયો છે.

ઓગસ્ટમાં વરસાદ ખેંચાવાની વાતને લઈને ખેડૂતોને ક્યારે વાવણી કરવી અને ક્યારે વાવણી ન કરવી તેને લઈને તે અસમંજસની સ્થિતિમાં છે. કેમ કે, ગુજરાતના કેટલાક જિલ્લાઓના ખેડૂતોની ખેતી માત્ર ચોમાસાના વરસાદ પર જ આધારિત હોય છે.

# ચીતવા પી.એચ.સી.ખાતે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરાઈ



લુણાવાડા,

પી.એચ.સી ચીતવા ખાતે તાલુકા હેલ્થ ઓફીસર ડો. વિજય બી. ડામોર તથા મેડીકલ ઓફીસર ચીતવા ડો. નિયતી પ્રણામીના માર્ગદર્શન હેઠળ વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી. તેમાં ૧૦૧ લાભાર્થીઓને વિવિધ આરોગ્ય સેવાઓ પુરી કરવામાં આવી જેવી કે, એન.સી.ડી સ્ક્રીનીંગ, HB ટેસ્ટ, સીકલ સેલ સ્ક્રીનીંગ તથા સગર્ભા માતાઓને પણ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી. પ્રા.આ.કે. ચીતવાનાં તમામ સ્ટાફના સહયોગ થી વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી સફળ રહી.

# વિરપુર ખાતે બજરંગબલી જન્મોત્સવની ઉજવણીમાં ગુંજયો શ્રધ્ધા-ભકિતનો સૂર



વિરપુર,

વિરપુર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં હનુમાન જન્મોત્સવ ધર્મોલ્લાસ સાથે ઉજવાયો ભોજન, મહાપ્રસાદ, મારૂતિ યજ્ઞ સહિતના અનુષ્ઠાનો યોજાયા હતા. હનુમાન જન્મોત્સવ ને લઈને વિરપુરની અંબીકા સોસાયટીથી પ્રસ્થાન કરી શહેરના વિવિધ વિસ્તારોમાં વિરાટ શોભાયાત્રા ડીજેના તાલે નિકળી હતી. હનુમાન મહારાજની વિશાળ પ્રતિમા સાથે શોભાયાત્રા રાજમાર્ગોપર ફરી વિરાજી સર્કલે પુર્ણ થઈ હતી. શોભાયાત્રામા માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. ત્યારે શોભાયાત્રા ને લઈ પોલીસે ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો.

**મહીસાગર જિલ્લામાં આવેલ જેઠોલીમાં ધર્મપ્રિયદાસજી આજરોજ કરૂણાસાગર મંદિરથી નીકળીને મહારાજની તપોભૂમિ ઉમરા સુધી પગપાળા યાત્રા કરશે. જયારે આ સંદેશ ભક્તોને ખબર પડી તો તેમના ભક્તોએ પણ નક્કી કર્યું કે અમે પદયાત્રામાં જોડાશો. ધર્મપ્રિયદાસજીની સાથે અને ભક્તો જોડાઈ ગયા. અંદાજિત જોવા જઈએ તો દરરોજ ૨૫ થી ૩૦ કિલોમીટર ચાલવાનું થશે. આમ, આ યાત્રા ૧૦ દિવસ સુધીની છે.**



# દેશના આ ભાગમાં સૌથી નીચું ભૂજળ સ્તર, અભ્યાસમાં માહિતી સામે આવી

ગાંધીનગર,

ગત થોડાક સમયથી દેશના અન્ય ભાગોની તુલનાએ ઉત્તર ભારતમાં ભૂજળસ્તરમાં સૌથી વધુ ઘટાડો થયો છે. આઈઆઈટી ગાંધીનગર દ્વારા કરાયેલા એક અભ્યાસમાં આ માહિતી સામે આવી હતી. અભ્યાસ અનુસાર દેશમાં ભૂજળ સ્તરમાં જેટલો ઘટાડો થયો છે તેમાં ૯૫ ટકાનો ઘટાડો ઉત્તર ભારતથી છે. અભ્યાસમાં જાણ થઈ કે ભવિષ્યમાં વરસાદમાં વૃદ્ધિથી પહેલા જ સમાપ્ત થઈ ચૂકેલા સંસાધનોને સંપૂર્ણપણે પુનઃજીવિત કરવા માટે અપર્યાપ્ત હશે. આઈઆઈટી-ગાંધીનગરના રિસર્ચરોએ એ પણ નોંધ લીધી કે ભારતમાં ભૂજળમાં ઘટાડો ત્યાં સુધી યથાવત્ રહેશે જ્યાં સુધી ભૂજળના અત્યધિક દોહનને મર્યાદિત નહીં કરવામાં આવે જેનાથી ભવિષ્યમાં જળ સ્થિરતાના મુદ્દા સામે આવશે. રિસર્ચરોએ કહ્યું કે બિન-નવીનકરણ(અસ્થિર) ભૂજળ દોહનની ભૂજળ ભંડાર પર મુખ્યરીતે અસર થાય છે. જેનાથી જળસ્તર ઘટી જાય છે. આઈઆઈટી ગાંધીનગરમાં સિવિલ એન્જિનિયરિંગ અને પૃથ્વી વિજ્ઞાન વિભાગમાં પ્રોફેસર વિમલ મિશ્રાએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે ભૂજળના ગાઢ સ્તરના વધારે પડતા વપરાશને અટકાવવા માટે નલકૂપની ઊંડાઈને મર્યાદિત કરવી અને નિકાસી ખર્ચને સામેલ કરવું ફાયદાકારક છે. પ્રોફેસર વિમલ મિશ્રાએ કહ્યું કે વૈશ્વિક સરેરાશ તાપમાન વૃદ્ધિને બે ડિગ્રી સેલ્સિયલની અંદર મર્યાદિત કરવાથી ઉત્તર ભારતમાં ભૂજળ ભંડારને લાભ થઈ શકે છે. આ અભ્યાસ તાજેતરમાં વન અર્થ નામની મેગેઝિનમાં પ્રકાશિત કરાયો હતો. તેમાં ભૂજળ ભંડાર પરિવર્તનશીલતાનો અભ્યાસ કરવા માટે કેન્દ્રીય ભૂજળ બોર્ડ દ્વારા ભૂજળ સ્તર અને ઉપગ્રહ અવલોકનથી પ્રાપ્ત ડેટાનું વિશ્લેષણ કરાયું હતું.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ સંતોષકારક અને શાંતિનો દિવસ છે. આજે જ્યારે રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોને સફળતા મળશે, ત્યારે શાસન અને સત્તા સાથે જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. નવી ડીલ દ્વારા પદ અને પ્રતિષ્ઠામાં વધારો થવાની સંભાવના છે.

વૃષભ : આજે તમે તમારા વર્તન અને ગુણો દ્વારા પ્રતિષ્ઠા મેળવી શકો છો. બાળકોની ખુશી માટે આજે તમે કંઈક પ્લાન કરી શકો છો. ટૂંકા અંતરની મુસાફરી પણ આજે થવાની સંભાવના છે. એકંદરે બાકીની દરેક બાબતમાં સુસંગતતા છે, પરંતુ તમારે તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે.

મિથુન : આજે તમારી આસપાસ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના તમામ સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાન્ઝેક્શન સમસ્યા ઉકેલાઈ શકે છે. હાથમાં પૂરતી રકમ હોવાનો આનંદ મળશે. વિરોધીઓ પરાજિત થશે.

કર્ક : તમારું મધુર વર્તન સંજોગોને તમારા માટે અનુકૂળ બનાવી શકે છે. જ્યારે તમારા જીવનસાથીની સલાહ કાર્યસ્થળે ઉપયોગી થશે, તેમનો સહકાર તમને પારિવારિક જીવનમાં સુખ આપશે. સાંજે અને રાત્રિ દરમિયાન પ્રિયજનો સાથે મુલાકાત પણ થઈ શકે છે.

સિંહ : આજનો દિવસ શુભ છે, તમે ઉર્જાથી ભરપૂર હશો, કાર્ય યોજનાઓમાં પ્રગતિ થશે, આજે તમને આવકના નવા સ્ત્રોત પણ મળી શકે છે. જો તમે વાણીમાં મધુરતા અને સૌમ્યતા જાળવી રાખશો તો તમને માન અને સન્માન પણ મળશે. જે લોકો આજે સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે તેમને પણ સફળતા મેળવવાની પ્રબળ તક છે.

કન્યા : કામનો તણાવ મનને અશાંત બનાવી શકે છે જેના કારણે તમે જાણી જોઈને કે અજાણતામાં બેદરકાર રહી શકો છો, આવી સ્થિતિમાં તમારી કિંમતી વસ્તુઓ ગુમાવવાનો કે ચોરી થવાનો ભય રહેશે, તેથી તમારી વસ્તુઓનું ધ્યાન રાખો. સાંજે કોઈ જૂની યોજના પર કામ કરીને સફળતા મેળવી શકો છો.

તુલા : આજે તમે કેટલાક આંતરિક વિકારથી પીડાઈ શકો છો. આવી સ્થિતિમાં, તમારા માટે વધુ સારું રહેશે કે તમે વિલંબ કર્યા વગર ડોક્ટરને મળો. તમે તમારા માતા-પિતા સાથે સારો સમય પસાર કરશો. આજે મિત્રો અને સહકર્મીઓની સલાહ પર રોકાણ સંબંધિત કોઈ પણ કામમાં તમારી રુચિ વધશે.

વૃશ્ચિક : આજે નોકરી -ધંધાના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયાસોમાં અકલ્પનીય સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. સંતાન તરફથી સંતોષકારક સુખદ સમાચાર મળવાની સંભાવના પણ છે. બપોર પછી, કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

ધન : આજનો દિવસ મિશ્રિત રહેશે. આજે તમે બાળકો સાથે જોડાયેલી બાબતોને લઈને ચિંતા કરી શકો છો. પારિવારિક જીવન માટે દિવસ અનુકૂળ રહેશે. તમને તમારા જીવનસાથી તરફથી ટેકો અને ખુશી મળશે. સંબંધીઓ સાથે વ્યવહાર કરતી વખતે સાવચેત રહેવાની જરૂર છે.

મકર : આજે તમારા સ્વાસ્થ્ય અને સુખમાં અડચણ આવી શકે છે. દિવસની શરૂઆતમાં કોઈ પણ પ્રતિકૂળ સમાચાર સાંભળીને અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે, તેથી સાવચેત રહો અને ઝઘડા ટાળો. પતિ-પત્ની વચ્ચે કોઈ વાતને લઈને વિવાદ થઈ શકે છે.

કુંભ : આજે પારિવારિક અને આર્થિક બાબતોમાં સફળતા મળવાની તક છે. આજીવિકાના ક્ષેત્રમાં ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી રહેશે. ગૌણ કર્મચારીઓ તરફથી પૂરતો આદર અને સહકાર પણ મળશે. પ્રિય મહેમાનોને રાત્રે આવકારવા માટેનો યોગ બની રહ્યો છે.

મીન : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ મેળવી શકાય છે. સાસરિયા પક્ષ તરફથી નોંધપાત્ર રકમ ભેટ મળી શકે છે. સાંજથી મોડી રાત સુધી સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવાની તકો મળી શકે છે.

# એપ્રિલમાં દરરોજ ૧ લાખથી વધુ કેસ નોંધાઈ શકે છે, છેલ્લા ૨૪ કલાકમાં ૬,૦૫૦ દર્દી મળ્યા, ૧૪નાં મોત



નવીદિલ્હી,

દેશમાં ફરી એકવાર કોરોના દર્દીઓની સંખ્યા વધવા લાગી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૬૦૫૦ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૧૪ લોકોના મોત થયા છે. એક્ટિવ કેસનો આંકડો પણ વધીને ૨૮ હજાર ૩૦૩ થઈ ગયો છે. આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયા આજે બપોરે ૧૨ વાગ્યે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી માંડવીયાએ કહ્યું હતુ કે દેશમાં કોવિડ ૧૯ની સ્થિતિ પર કહ્યું કે આપણે સતર્ક રહેવાની જરૂર છે, ગભરાવાની જરૂર નથી. હાલમાં, ઓમિક્રોનનો સબ-વેરિયન્ટ દેશમાં ફેલાઈ રહ્યો છે. તેમાં હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડતી નથી. કોરોનાના દૈનિક કેસોમાં વધારો ઝડપી બન્યો છે. હાલમાં પોઝિટિવિટી દર ૩.૩૨% છે. માર્ચના ૩૧ દિવસમાં કોરોનાના ૩૧,૯૦૨ કેસ નોંધાયા છે. તેની સરખામણીમાં એપ્રિલના ૫ દિવસમાં જ ૨૦,૨૭૩ નવા કેસ નોંધાયા છે. આ માર્ચમાં કુલ નવા કેસના ૬૩.૫% છે.

જો સરેરાશ જોઈએ તો માર્ચમાં રોજના સરેરાશ ૧ હજાર નવા કેસ સામે આવ્યા હતા, જ્યારે એપ્રિલમાં રોજના સરેરાશ ૪ હજાર કેસ સામે આવી રહ્યા છે. જો સંક્રમણનો દર આવો જ રહ્યો તો એપ્રિલમાં ૧.૨૦ લાખ નવા કેસ આવવાની સંભાવના છે. જો કે, જે રીતે દરરોજ નવા કેસ વધી રહ્યા છે તે મુજબ એપ્રિલના કુલ કેસ આનાથી વધુ હોઈ શકે છે.

દેશમાં મળી આવેલા ૫,૩૩૫ નવા કેસમાંથી ૩,૭૩૦ માત્ર ૫ રાજ્યોમાં જ જોવા મળ્યા હતા. આમાં કેરળ સૌથી વધુ મળ્યા છે. અહીં લગભગ ૨ હજાર નવા કેસ મળી આવ્યા છે. આ પછી મહારાષ્ટ્રમાં ૫૬૯, દિલ્હીમાં ૫૦૯, હિમાચલ પ્રદેશમાં ૩૮૯ અને ગુજરાતમાં ૩૫૧ કેસ નોંધાયા છે.કેરળઃ અહીં ૧,૯૧૨ નવા કેસ મળી આવ્યા છે, ૫૦૦ લોકો સાજા થયા છે અને ૧,૪૦૪ લોકો સારવાર હેઠળ છે. મંગળવારે પણ કેરળમાં ૧,૦૨૫ નવા કેસ નોંધાયા હતા. અગાઉ ૨૨ સપ્ટેમ્બરે ૨૩૦૦ કેસ નોંધાયા હતા.,મહારાષ્ટ્રઃ અહીં છેલ્લા દિવસમાં ૫૬૯ નવા કેસ મળી આવ્યા છે, ૪૮૫ લોકો સાજા થયા છે જ્યારે ૨ લોકોના મોત થયા છે. અહીં ૭૧૧ નવા કેસ મળી આવ્યા હતા. અહીં પોઝિટિવિટી દર ૬.૩૨% છે.,દિલ્હીઃ અહીં ૫૦૯ નવા કેસ નોંધાયા, ૪૨૪ લોકો આ રોગથી સાજા થયા. એક્ટિવ કેસ વધીને ૧,૭૯૫ થઈ ગયા છે. અહીં પોઝિટિવિટી દર ૨૬.૫૪% છે.

હિમાચલ પ્રદેશઃ અહીં ૩૮૯ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૧૭૭ લોકો સાજા થયા છે. રાજ્યમાં હાલમાં ૨૧૨ એક્ટિવ કેસ છે. અહીં પોઝિટિવિટી દર વધીને ૮.૨૨% થઈ ગયો છે. ગુજરાતઃ અહીં ૩૫૧ નવા કેસ મળી આવ્યા છે, ૧ વ્યક્તિનું મોત થયું છે અને ૩૯૫ લોકો સાજા થયા છે. મંગળવારે અહીં ૩૨૪ નવા કેસ મળી આવ્યા હતા. અહીં પોઝિટિવિટી દર ૧.૭૬% છે.

છેલ્લા ૨૪ કલાકમાં છત્તીસગઢમાં ૧૦૨ નવા કોરોના દર્દીઓ મળી આવ્યા છે. જે બાદ એક્ટિવ દર્દીઓની સંખ્યા વધીને ૩૨૩ થઈ ગઈ છે. રાયપુરમાં સૌથી વધુ ૮૦ એક્ટિવ કેસ છે. જ્યારે બિલાસપુરમાં ૪૦ અને દુર્ગમાં ૩૮ એક્ટિવ દર્દીઓ છે. રાજ્યમાં પોઝિટિવિટી દર ૬.૧૨ ટકા પર પહોંચી ગયો છે. જ્યારે ૧ એપ્રિલે આ જ દર ૨.૩૭ ટકા હતો. હિમાચલઃ એક મૃત્યુ, એક્ટિવ કેસ ૨ હજારની નજીક, હમીરપુર-મંડીમાં સૌથી વધુ એક્ટિવ કેસ,મુખ્યમંત્રીએ કહ્યું- માસ્ક પહેરો હિમાચલ પ્રદેશમાં વધુ એક કોરોના દર્દીનું મોત થયું છે. અને છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૩૬૭ નવા કોરોના દર્દીઓ મળી આવ્યા છે. શિમલામાં કોરોના સંક્રમણને કારણે એક વ્યક્તિનું મોત થયું છે આઈજીએમસી હોસ્પિટલ શિમલાએ કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને તૈયારીઓ શરૂ કરી દીધી છે. હાલમાં ૨૩ બેડની કામચલાઉ હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે.

હરિયાણાઃ ૨૪ કલાકમાં ૩૧૮ નવા કેસ મળ્યા, ૧નું મોત; ૧૧૦૯ સક્રિય દર્દીઓ, પોઝિટિવિટી દર ૭.૩૯% પર પહોંચ્યો હરિયાણામાં ગુરુવારે સતત ત્રીજા દિવસે એક દર્દીનું કોરોનાથી મોત થયું હતું. ૨૪ કલાકમાં ૩૧૮ લોકોમાં કોરોનાની પુષ્ટિ થઈ છે. એક્ટિવ કેસની સંખ્યા પણ સતત વધી રહી છે. રાજ્યમાં તેમની સંખ્યા ૧૧૦૯ નોંધાઈ છે. પોઝિટિવિટી દરમાં પણ રેકોર્ડ વધારો થયો છે. ૫.૭૭% થી વધીને ૭.૩૯% થયો છે. પંજાબઃ કોરોના દર્દીઓની સંખ્યા ૪૮૬ પર પહોંચી, ૧૬ જિલ્લામાં ૧૧૧ નવા કેસ, ૧નું મોત; સીએમ માને કહ્યું- સ્થિતિ નિયંત્રણમાં છે

પંજાબમાં કોરોના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ગત દિવસે પંજાબના માત્ર ૧૨ જિલ્લામાં કોરોનાના દર્દીઓ મળી આવ્યા હતા. પરંતુ આજે વધુ ૪ જિલ્લામાં વધારો થયો છે. હવે ૧૬ જિલ્લામાં કોરોના ફેલાયો છે. આરોગ્ય વિભાગે ૨૭૨૨ સેમ્પલ લીધા હતા, જેમાંથી ૨૧૮૨ સેમ્પલના ટેસ્ટિંગ બાદ ૧૧૧ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. યુપીમાં કોરોના ફરી જીવલેણ બન્યો છે. લખનઉમાં લગભગ ૭ મહિના પછી બુધવારે એક કોરોના સંક્રમિત મહિલાનું મોત થયું હતું. ખાનગી હોસ્પિટલના ટેસ્ટ રિપોર્ટમાં મહિલા કોવિડ પોઝિટિવ મળી આવી હતી. મંગળવારે મહિલાને ગંભીર હાલતમાં KGMUમાં દાખલ કરવામાં આવી હતી. તેમની વેન્ટિલેટર પર સારવાર ચાલી રહી હતી. આ દરમિયાન તેનું મોત થયું હતું.

દેશમાં કોરોનાના ફરી રેકોર્ડ કેસ સામે આવી રહ્યાં છે. કોરોનાના કેસોમાં વધારો થતા કેન્દ્ર સરકાર પણ એક્શન મોડમાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ આજે વિવિધ રાજ્યોના આરોગ્ય મંત્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજી છે. આ સાથે પુડુચેરી સરકારે પણ મોટી કાર્યવાહી કરી છે.કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં હવે જાહેર સ્થળોએ માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. કોરોનાના વધતા જતા કેસોને કારણે વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી આદેશનો અમલ કર્યો છે. જિલ્લા કલેક્ટર ઈ વલ્લવને જણાવ્યું હતું કે કેન્દ્રશાસિત પ્રદેશમાં હાલમાં કોરોનાવાયરસના કેસોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી સાવચેતીના પગલાં અમલમાં મુકતા માસ્ક ફરજિયાત કર્યું છે.

ઈ વલ્લવને કહ્યું કે જાહેર સ્થળો, બીચ રોડ, પાર્ક અને થિયેટરમાં માસ્ક પહેરવું ફરજિયાત રહેશે. આ સિવાય હોસ્પિટલ, હોટેલ, બાર, રેસ્ટોરાં, દારૂની દુકાનો, હોસ્પિટાલિટી અને મનોરંજન ક્ષેત્રો, સરકારી કચેરીઓ અને વ્યાપારી સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓએ પણ ફરજિયાતપણે માસ્ક પહેરવાનું રહેશે.

### પેપરલીક કાંડમાં નવો ઘટસ્ફોટ

# ગુજરાત ATS નો તપાસનો દોર આદિવાસી વિસ્તારમાં પહોંચ્યો

- પેપરલિક કાંડમાં પેપર ખરીદનાર ૩૦ વિદ્યાર્થીઓ પૈકી ૯ દાહોદ જિલ્લામાંથી સામે આવ્યા.
- ગુજરાત ATS એ દાહોદના ૯ સહિત ગુજરાત ભરમાંથી ૩૦ થી વધુ પરીક્ષાર્થીઓની ધરપકડ કરી.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારીઓ કરતા લાખો ઉમેદવારોનાં સપનાં એક જ રાતમાં રોળાઈ ગયાં હતાં. પરીક્ષા શરૂ થાય તે પહેલાં જ પરીક્ષા રદ કરવામાં આવી કારણ કે, પરીક્ષા પહેલાં જ પરીક્ષાના પેપર લોકો વચ્ચે ફરતાં થઈ ગયાં હતાં. એટલે કે એજન્ટોએ લાલચુ પરીક્ષાર્થીઓને પેપર વેચી દીધા હતા. કોઈની પાસેથી ૧૦ લાખ તો કોઈની પાસેથી ૧૫ લાખના ચેક તમામના ઓરિજનલ ડોક્યુમેન્ટ મેળવ્યા બાદ તેમને પેપર આપી દીધાં હતાં. ગુજરાત સરકારની શાખમાં ડાઘ લગાડતું કામ પેપરલીક કરનારા દલાલોએ કર્યું હતું. જેમાં ખાસ કરીને ગુજરાતના દલાલો અને અન્ય રાજ્યના દલાલોએ ભેગા મળીને અંદાજે ૧૦૦થી વધુ લોકોને પેપર આપી દીધા હતા. હાલ પોલીસના હાથે યુવતીઓ સહિત કુલ ૩૦ લોકો ઝડપાયા છે. જે પરીક્ષા પહેલાં જ તેમના હાથમાં પેપર આવી ગયા હતા. આ તમામે દલાલોને કોરા ચેક આપીને અન્ય ઉમેદવારોના ભાવિ સાથે ચેડાં કર્યાં હતાં. હાલ તમામની સામે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી જુ.ક્લાર્કની સ્પર્ધાત્મક પરીક્ષાનું પેપરલીક થતા સમગ્ર ગુજરાત સહીત દેશભરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. વિપક્ષોના આક્ષેપો પ્રતિ આક્ષેપઓની વચ્ચે ઘેરાયેલી સરકારે છેલ્લી શને આ પરીક્ષાઓ રદ્દ કરવાનું હુકમો બહાર પાડતા અનેક વાલીઓમાં ભારે આક્રોશ ફેલાયો હતો. એટલું જ નહિ અનેકવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તો બીજી તરફ સાચા અને મેહનતું વિદ્યાર્થીઓના ભોગે દલાલો અને ભ્રષ્ટાચારીઓ સાથે ભળી તેમના ભાવિ સાથે ચેડાં કરનાર તત્વોને ઝડપી પડાતા એક વિશ્વાસ સાથેનો સંતોષ પણ પરીક્ષા આપતા વિદ્યાર્થીઓમાં વ્યાપ્ત થવા પામ્યો હતો. સમગ્ર રાજ્યમાં ૧૦૦ થી વધુ લોકોને જંગી નાણાં લઈ પેપર વેચનારા સુત્રધારો સાથે ગુજરાતની અઝજ શાખાએ મુખ્ય સૂત્રધાર પ્રદીપ નાયક સહીત ૩૦ જેટલાં પેપર ખરીદનારા વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને ટ્રેસ આઉટ કરી ઝડપી લઈ પેપર લીક કરવાનું અન્ય કોઈ પ્રયત્ન ન કરે અને આ પકડાયેલા તમામ પરીક્ષાાર્થીઓ વિરૂદ્ધ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળમાં જાણ કરવામાં આવ્યું છે. ગુજરાત અઝજ એ પોતાની સતકર્તાથી આ સમગ્ર પેપર લીક કૌભાંડમાં સંડોવાયેલા ગેંગના ૧૯ ઈસમો તેમજ ૩૦ પીસ જેટલા પરીક્ષાર્થીઓ મળી કુલ ૪૯ આરોપીઓની ધરપકડ કરી છે. અત્રે ઉલેખની છેકે, આ ૩૦ જેટલા પરીક્ષાાર્થીઓ પૈકી સૌથી વધુ પેપર ખરીદનાર પરીક્ષાર્થીઓ આદિવાસી આંતરિયાળ વિસ્તાર ગણાતા દાહોદ જિલ્લાના હોવાનું બહાર આવ્યું છે.ત્યારે દાહોદ જિલ્લામાં આ પેપરલીક ગેંગના સૂત્રધારો સાથે કોણ ક્યાં સ્વરૂપે સંડોવાયેલો છે. તે તપાસનો વિષય છે. જોકે, આ પરીક્ષાાર્થીઓ પૈકી વધુ પરીક્ષાાર્થીઓ ઝાલોદ તાલુકાના હોઈ ઝાલોદ તરફનો કોઈ ઈસમ આ ગેંગ સાથે સીધા સંબંધો ધરાવતો હોવાનો નકારી શકાતું નથી. ત્યારે ઝડપાયેલા પરીક્ષાર્થીઓમાં દાહોદ શહેરના ચકલીચારોડ ગોકુલ સોસાયટીની રહેવાસી (૧)લક્ષ્મીબેન બચુભાઈ રાઠોડ, લીમખેડા તાલુકાના નાની બાંડીબાર ખાતેના રહેવાસી (૨)રીનાબેન મોહનસિંહ બારીયા, સિંગવડ તાલુકાના સાકરીયા ગામના (૩)ભાવેશ રમેશભાઈ બારીયા, ગોધરા રોડ ચામુંડા મંદિર પાસેનો રહેવાસી (૪)ચેતનભાઈ ઈશ્વરભાઈ ત્રિવેદી, ઝાલોદ તાલુકાના પરથમપુર ગામના (૫)રાકેશભાઈ ગતસિંહભાઈ ડામોર, ગરબાડા તાલુકાના ભે ગામના (૬)લક્ષ્મણભાઈ મનસુખભાઈ હઠીલા, ઝાલોદ તાલુકાના ડુંગરી ગામના (૭)સંજયભાઈ ગોમનાભાઈ સંગાડા, તથા ડુંગરી ગામના જ (૮)રોહિતભાઈ ગુમાનભાઈ વગિલા, (૯) દાહોદ તાલુકાના ખંગેલા ગામના મૂળ વતની હાલ ભચાઉ ના રહેવાસી અરવિંદભાઈ વિછીયાભાઈ બોહા સહિત ૯ થી વધારે પરીક્ષાાર્થીઓ દાહોદ જિલ્લામાંથી બહાર આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે આદિવાસી બાહુલ્ય ધરાવતા આંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ પણ પેપરલિક કાંડમાં સામેલ હોવાનું બહાર આવતા આ પેપરલિક ગેંગનું નેટવર્ક માત્ર મહાનગરો પૂરતું સીમિત નથી પરંતુ છેવાડાના વિસ્તારમાં પણ વિસ્તાર્યો હોવાનું પ્રતીત થવા પામ્યું છે. ૩૦ જેટલાં ઝડપાયેલા પરીક્ષાર્થીઓ મોટેભાગે ગ્રામીણ વિસ્તારના હોવાનું અને તેમાંય છોટાઉદેપુર, મહીસાગર, પંચમહાલ તેમજ દાહોદ જિલ્લાના પરીક્ષાર્થીઓ પાસેથી મોટી રકમ પ્રાપ્ત થતી હોવાથી પેપર લીક ગેંગે આ વિસ્તારને ટાર્ગેટ કર્તા હોવાનું કહીયે તો અતિશ્યોકતી ભર્યું નહિ ગણાય ત્યારે પેપરલીક કૌભાંડની તપાસમાં વધુ માત્રામાં ઝડપાયેલ દાહોદ જિલ્લાના પરીક્ષાર્થીઓની ઘનીષ્ટ આ પેપરલિક ગેંગ સાથે કોણ નાતો ધરાવતો હતો.? અથવા કોણા મારફતે તેઓને આ પેપર પ્રાપ્ત થયું હતું. તેની તપાસ કરવી રહી નહીતો આ મુદ્દો ભવિષ્યમાં કેટલો સ્ફોટક બની રહેશે તે કહેવું મુશ્કેલ છે. તેવા સમયે વધુ તપાસમાં સંડોવાયેલા ઈસમો ના નામ કે તેના મૂળ સુધી પહોંચાસે ખરૂં કે પછી રાત ગઈ બાત ગઈ ની જેમ સમગ્ર બાબતને ભુલાવી દેવામાં આવશે.

## ગરબાડા તાલુકાના આમલી ખજુરિયામાં નલ સે જલ યોજના અંતર્ગત નિર્માણાધીન પાણીની ટાંકીનો સ્લેબ ધારાશાયી : ૬ મજૂરો દબાયા



**ઈજાગ્રસ્તોના નામ**

(૧) કમલેશભાઈ દેવજીભાઈ બોહા, રહેવાસી–ખરોડ.
(૨) ભરતભાઈ મછર, રહેવાસી–ઝાલોદ.
(૩) સમીરભાઈ દિનેશભાઈ ડામોર, રહેવાસી–સાંગા ફળિયું દાહોદ.
(૪)જયેશભાઈ રામસિંગભાઈ બોહા, રહેવાસી–ખરોડ.
(૫) જશવંતભાઈ રામસિંગભાઈ બોહા, રહેવાસી–ખરોડ.
(૬) મંજુલાબેન કમલેશભાઈ બોહા, રહેવાસી–ખરોડ.

દાહોદ,

ગરબાડા તાલુકાના આમલી ખજુરીયામાં નલ સે જલ યોજના અંતર્ગત નિર્માણાધીન પાણીની ટાંકીની ટાંકીનું સ્લેબ તૂટતાં ૬ જેટલા મજૂરો સ્લેબની નીચે દબાઈ જતા આસપાસના વિસ્તારમાં ચીસાચીસ મચી જવા પામી હતી અને ઘટના બાદ ભેગા થયેલા આસપાસના લોકો તેમજ અન્ય મજૂરોએ પાણીની ટાંકીના સ્લેબ નીચે દબાયેલા મજૂરોને બહાર કાઢ્યા હતા અને ૧૦૮ મારફતે દાહોદના ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી બે મજૂરોની હાલત અતિ ગંભીર હોવાનું પ્રાથમિક તબક્કે માહિતી પ્રાપ્ત થઈ છે, જ્યારે અન્ય ત્રણને સામાન્ય ઈજાઓ થતા તેઓને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના આમલી ખજુરીયા ગામે નળશે જળ યોજના અંતર્ગત ટાંકાનું નિર્માણનું કામ છેલ્લા દોઢ મહિનાથી ચાલી રહ્યું હતું. જેમાં આજરોજ ૧૫ થી ૧૬ મજૂરો આશરે ૩૦ થી ૪૦ ફીટ ઉપર પાણીની ટાંકીનું સ્લેબ ભરવાનું કામ કરી રહ્યા હતા. જે પૈકી ત્રણથી ચાર મજૂરો ટાંકીની ઉપર ચણતર કામ કરી રહ્યા હતા અને બાકીના શ્રમિકો નીચે કામ કરી રહ્યા હતા. આશરે સાંજના ૬:૩૦ વાગ્યા ના સુમારે નિર્માણાધીન પાણીની ટાંકીનું સેન્ટીંગ સાથે સ્લેબ તૂટતા કામ કરી રહેલા મજૂરો દબાઈ જતા ૬ મજૂરો સ્લેબ નીચે દબાઈ જતા ઈજાગ્રસ્ત થયા હતા. ધડાકાભેર સ્લેબ તૂટીને નીચે પડતા કામ કરી રહેલા મજૂરોની ચીસાચીસથી ભેગા થયેલા ગામના લોકો તેમજ મજૂરોએ સ્લેબની નીચે દબાયેલા મજૂરોને બહાર કાઢી ૧૦૮ મારફતે દાહોદના ઝાયડ્સ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલ આ સમાચાર લખાય છે, ત્યાં સુધી બે મજૂરોની હાલત અતિ હોવાનું જાણવા મળેલ છે. ત્યારે અન્ય ૪જેટલાં મજૂરોને નાની મોટી ઈજાઓ તથા તેઓ પણ ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી હોવાની માહિતીઓ પ્રાપ્ત થઈ છે. તો બીજી તરફ આ ઘટના સંદર્ભે સ્થાનિક પોલીસ પણ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યું છે. જોકે, નલ સે જલ યોજના અંતર્ગત નિર્માણ પામી રહેલી આ પાણીની ટાંકી સ્લેબ ભરતી વખતે પડી જતા પાણીના ટાંકીમાં વપરાયેલ મટીરીયલ તેમજ ગુણવત્તા અંગે પણ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

## ફતેપુરામાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે ચેકીંગ કરી ૪૯૫ કિલો તેલનો જથ્થો જપ્ત કર્યો



દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા નગરમાં એક વ્યકિત દ્વારા મિલાવટ અને એક્સપાયરી ડેટ વાળું તેલ વેચાય છે. તેવી ફરિયાદ કરતા વેપારીઓ દ્વારા ખોટી ફરિયાદ કરે છે, તેમ કહી ફતેપુરા મામલતદાર ને આવેદન આપ્યું હતું. ત્યાર બાદ ફુડ ડ્રગ્સ વિભાગ દ્વારા ચેકીંગ હાથધરતા વેપારીઓ પાસેથી ૪૯૫ કિલો પામોલિન તેલનો જથ્થો સીઝ કર્યો. ફતેપુરા નગરમાં બનાવટી તેલના વેપારીઓને ત્યાં દરોડા પડતા અન્ય વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો.

દાહોદ જિલ્લાના ફતેપુરા નગરમાં તેલના ડબ્બામાં જૂની તારીખ બદલી માર્કર વડે નવી કિંમત અને નવી તારીખ મારી ગ્રાહકોને પધરાવી દેવામાં આવતો હતો. જે બાબતની ફરીયાદો ઉઠતાં ગત રોજ દાહોદ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દોડતું થયું હતુ અને ફતેપુરાના નામચીન એવા ડુપ્લીકેટ તેલના વેપારીઓને ત્યાં દરોડા પડ્યા હતા. જેમાં દાહોદ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પામોલીન તેલનો ૪૯૫ કિલો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો અને સેમ્પલ વડોદરા ટેસ્ટિંગ માટે લેબોટરીમાં મોકલીમાં મોકલી આપવામાં આવ્યા હતા.

ફતેપુરા નગરમાં વેપારીઓ દ્વારા ખુલેમાં આદિવાસી ગરીબ અને અભણ પ્રજાને ખુલે આમ ગ્રાહકો સાથે છેતરપિંડી કરી એકસપાયરી ડેટવાળા પામોલીન તેલના ડબ્બા પર રહેલી કિંમત અને તારીખને હાથ વડે બદલીને ગ્રાહકોને પધરાવી દેવામાં આવતા હતા. જ્યારે ફતેપુરા તાલુકાના વાલુડા ગામે રહેતા એક જાગૃત નાગરિક દ્વારા ખુલ્લા પાડવામાં આવ્યા હતા અને જે સમાચાર સમગ્ર સોશિયલ મીડિયા સમાચાર પત્ર, ઈલેક્ટનિક મીડિયામાં વાયુ વેગે ફેલાયા હતા. જેને લઈ કાળા બજારીયા વેપારીઓમાં ક્યાંકને ક્યાંક ફફડાટ ફેલાયો હતો અને વેપારીઓ દ્વારા તપાસના ડરથી મામલતદારને તપાસ ન કરે તે માટે આવેદન પત્ર આપવા પહોંચ્યા હતા પરંતુ નિષ્પક્ષ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ફતેપુરાના વેપરીઓને ત્યાં દરોડા પડ્યા હતા અને જેમની પાસેથી પામોલીન તેલનો ૪૯૫ કિલો જથ્થો સીઝ કર્યો હતો.

બનાવટી તેલ પ્રકરણમાં દાહોદ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા બુધવારે ફતેપુરાના ઝાલોદ રોડ પર સાઠીયા સોયબ અબ્દુલગની નામના વેપારીને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી હતી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તપાસ હાથ ધરી તીન એક્કા તેમજ મહારાણી બ્રાન્ડના પામોલીન તેલના કિંમત ૪૨૬૦૦/– ના ૧૫ કિલોના ૨૪ ડબ્બા સીઝ કર્યા હતા બીજો કરિયાણાના વેપારી શંકર અગ્રવાલને ત્યાં પામોલીન તેલના કિંમત ૧૫૮૫૦/– ના ૧૫ કિલોના ૯ ડબા સીઝ કર્યા કરવામાં આવ્યા હતા. બંને જગ્યાએથી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કુલ કિંમત ૫૮૪૫૦/– નો ૪૯૫ કિલો તેલનો જથ્થો સીઝ કરી તેલના નમૂના પરિક્ષણ માટે વડોદરા લેબોટરી ખાતે મોકલી આપતાં ફતેપુરા નગરના બનાવટી તેલ ના વેપારીઓમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

## દાહોદનાં ચિરાગકુમાર છેલ્લા ચાર વર્ષથી ડાયાલીસીસની નિઃશુલ્ક સારવાર મેળવી રહ્યાં છે



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લાના અનાસ હિમાલા ગામના ચિરાગકુમાર પરમાર જણાવે છે કે, છેલ્લા ચાર વર્ષથી હું આયુષ્યમાન કાર્ડનો લાભ લઈને ડાયાલીસીસની સારવાર નિઃશુલ્ક કરાવી રહ્યો છું. તેઓ કહે છે કે, મને ચાર વર્ષથી વધુ સમયથી કીડનીની બીમારી છે. અગાઉ ખાનગી હોસ્પીટલમાં સારવાર લેતો હતો. વ્યાજે પૈસા લાવીને સારવાર કરાવતો હતો. ખેતીકામ કરતો હોય સારવાર જેટલી આવક નહોતી.

તેઓ જણાવે છે કે, આવા સમયે ગામના આશાબેને અમારા ઘરની મુલાકાત લીધી અને અમને સરકારની યોજના અંતર્ગત મળતા લાભ વિશે માહિતી આપી હતી. આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત અમારી સારવારનો તમામ ખર્ચ સરકારે ઉઠાવી લીધો. અત્યાર સુધીમાં ૮.૫૦ લાખથી વધુની સારવાર અમે નિઃશુલ્ક મેળવી છે.

તેઓ કહે છે કે, આયુષ્યમાન કાર્ડનો લાભ મળતા હવે દાહોદની અર્બન હોસ્પીટલ, રળીયાતી ખાતે ડાયાલીસીસની નિઃશુલ્ક સારવાર કરાવી રહયો છે. આ માટે સરકારનો આભાર માનું છું.

## ઝાલોદ અંબાલાલ હાઈસ્કૂલ ખાતે ડેન્ટલ ચેક અપ કેમ્પનું આયોજન સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલના સહયોગથી કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

વર્લ્ડ ઓરલ હેલ્થ ડે અંતર્ગત સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ ઝાલોદ દ્વારા અંબાલાલ હાઈસ્કૂલ ખાતે બાળકોની તપાસ કરવામાં આવી હતી. આ ડેન્ટલ ચેકઅપ કેમ્પમાં ૮૩ વિદ્યાર્થીઓને ચેક કરી દાંત અને માઉથને લઈ બાળકોને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. બાળકો ને સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ દ્વારા યોજાયેલ કેમ્પમાં ડોક્ટર દ્વારા દાંત અને મોઢાના રોગો થી કેવી રીતે બચવું અને સેની તકેદારી રાખવી તે અંગે સંપૂર્ણ માહિતી આપી હતી. જેથી બાળકોજો અત્યારથી કાળજી રાખેતો ભવિષ્યમાં દાંત અને મોઢાના થતા રોગો થી બચી શકાય. બાળકોને સુંદર માહિતી મળતા બાળકો પણ ખુશ જણાતા હતા.

## દાહોદ જીલ્લામાં બે સગીરાઓના લગ્નના ઈરાદે અપહરણ થયાની ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ જુદા જુદા સમયે પત્ની તરીકે રાખવા સારૂ સગીરાના અપહરણના બનેલા બે બનાવો જે તે પોલીસ સ્ટેશને નોંધાયાનું જાણવા મળ્યું છે.

દાહોદ જિલ્લામાં સગીરાના અપહરણા બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ ઝાલોદ તાલુકાના સીમલીયા મોટા પાડલા ફળીયામાં ગત તા. ૨૩–૩–૨૦૨૩ની રાતે બનવા પામ્યો હતો. જેમાં પરથમપુર ગામના વિજયભાઈ તાનસીંગભાઈ ડામોર સીમલીયા ગામના મોટા પાડલા ફળિયામાં રહેતી સગીરાનું પત્ની તરીકે રાખવા પ્રેમના પાઠ ભણાવી, પટાવી, ફોસલાવી અપહરણ કરી લઈ ગયો હતો. અપહૃત છોકરીને ઘરે લાવવા તેણીના પિતાએ ગામ આગેવાનોનો સંપર્ક કરી પંચરાહે નિકાલ લાવવા માટે પણ પ્રયાસ કર્યા હતા, પરંતુ તે પ્રયાસમાં સફળતા ન મળતા આખરે અપહૃત સગીરાના પિતાએ લીમડી લીમડી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે પરથમપુર ગામના વિજયભાઈ તાનસીંગભાઈ ડામોર વિરૂધ્ધ અપહરણનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે. જ્યારે સગીરાના અપહરણનો બીજો બનવા લીમખેડા તાલુકાના મોટીબાંડી બાર ગામે પાટડીયા ફળિયામાં બનવા પામ્યો હતો. જેમાં ફળિયામાં રહેતી સાડા પંદર વર્ષની ઉંમરની સગીરાને પત્ની તરીકે પટાવી ફોસલાવી લલચાવી અપહરણ કરી લઈ ગયો હતો. જેથી સગીરા છોકરી પરત સોંપી દેવા જણાવતાં તે વખતે ઘરે હાજર મહેશભાઈ જસવંતભાઈ તથા સુરપાલ ભાઈએ છોકરી સોંપવાની સાફ ના પાડી પંચરાહે નિકાલ કરી દાવો લઈ જણાવ્યું હતું. જેથી અપહૃત સગીરાના પિતાએ લીમખેડા પિતાએ લીમખેડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે મોટી બાંડીબાર ગામના મહેશભાઈ બાબુભાઈ પટેલ, જસવંત બાબુભાઈ પટેલ તથા સુરપાલભાઈ બાબુભાઈ પટેલ વિરૂધ્ધ સગીરાના અપહરણનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયાનાા ઉધાવળા ગામે ખોવાઈ ગયેલ સોનાની ચેઈન આપવા ભેગી થયેલ પંચમાં યુવક ઉપર હુમલો કરી ઈજાઓ પહોંચાડી

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ઉધાવળા ગામે મકાઈ કાપવાના મામલે થયેલ ઝપાઝપીમાં સોનાની ચેઈન ક્યાંક પડી જતાં તે સોનાની ચેઈન લાવી આપવાનું કબી ભેગી થયેલ ગામ પંચમાં એક ઈસમને લાકડું મારી ખભાના ભાગે ફ્રેકચર કરી ગંભીર ઈજા પહોંચાડી તથા મારી નાંખવાની ધાકધમકીઓ આપ્યાનું જાણવા મળ્યું છે.

ઉધાવળા ગામે મોટા ફળિયામાં રહેતા હીતેશભાઈ જસવંતભાઈ પટેલ તથા ભોપતભાઈ કનુભાઈ પટેલ વચ્ચે એકાદ માસ પહેલા ભોપતભાઈ પટેલમની મકાઈ કાપવા બાબતે ઉગ્ર બોલાચાલી થયા બાદ ઝપાઝપી થઈ હતી. તે વખતે ભોપતભાઈ કનુભાઈ પટેલના ગળામાં પહેરેલ સોનાની ચેઈન ક્યાંક પડી ગઈ હતી જેથી ભોપતભાઈ પટેલે હીતેશભાઈ જસવંતભાઈ પટેલને ગાળો આપી, તુ મારી ચેન લાવી આપ તેમ કહી તેને ગામની પંચ ભેગી કરી હતી અને પંચમાં સોનાની પડી ગયેલ ચેઈન માટે વાતચીત ચાલતી હતી. તે વખતે ભોપતભાઈ પટેલ એકદમ ઉશ્કેરાયો હતો અને હીતેષભાઈ પટેલને બેફામ ગાળો બોલી ત્યાં પડેલ લાકડુ ઉઠાવી હીતેષભાઈ પટેલને ડાબા હાથે ખભાથી નીચેના ભાગે મારી ફ્રેક્ચર કરી નાંખી ગંભીર ઈજા પહોંચાડી હતી અને ત્યારબાદ ભોપતભાઈ પટેલે હીતેશભાઈ પટેલને જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી હતી. આ સંબંધે ગંભીર ઈજાગ્રસ્ત હીતેષભાઈ જસવંતભાઈ પટેલે નોંધાવેલ ફરિયાદને આધારે દેવગઢ બારીઆ પોલીસે ઉધાવળા ગામના ભોપતભાઈ કનુભાઈ પટેલ વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.193

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## દાહોદ(ક)ની સર્વે નં.૪૭૦વાળી જમીન ધારણકર્તા

# બિનખેડુત જાહેર થતાં જમીન શ્રીસરકાર કરવાનો મામલતદાર કૃષિપંચ દાહોદએ હુકમ કર્યા

ગોધરા, પંચમહાલ જીલ્લા માંથી બિનખેડુત માંથી બોગસ ખેડુત બની તેના આધારે દાહોદ(ક)માં રે.સ.નં.૪૭૦વાળી ખેતીની જમીન ધારણ કરેલ હોય બિનખેડુત તરીકે ખેતીની જમીન ખરીદવા અને ધારણ કરવાના મામલે દાહોદ મામલતદાર અને કૃષિપંચની કોર્ટમાં ગણોતધાર કલમ ૬૩,૬૪ તથા અન્ય કલમ કેશ ચાલતો હોય જેમાં કૃષિપંચ અને મામલતદાર દાહોદ અબ્દુલ રહિમ અબ્દુલ સત્તાર ફોદા બિનખેડુત હોવા છતાં ખેતીની જમીનમાં વેચાણના આધારે ખેડુતો દરજજા મેળવેલ હોય તેઓ ખેડુત હોવાના પુરાવા રજુ નહિ કરતા સ્વતંત્ર સંયુકત માલિકીની જમીનો સરકાર હસ્તક કરવાનો હુકમ કરતાં દાહોદ જીલ્લામાં બોગસ બની બેઠેલા ખેડુતોમાં ફફડાટ જોવા મળ્યો છે.

પંચમહાલ ગોધરામાં રહેતા અબ્દુલ રહિમ અબ્દુલ સત્તાર ફોદા બિનખેડુત માંથી બોગસ ખેડુત બનીને દાહોદ(ક)માં ખાતા નં.૧૦૪ના રે.સ.નં.૪૭૦ વાળી ખેતીની જમીન ધારણ કરેલ હોય તે અંગે મામલતદાર અને કૃષિપંચ દાહોદમાં અરજીથી ખેડુત છે. કેમ તે બાબતે ગણોતધારાની કલમ ૬૩,૬૪ તથા અન્ય કલમ હેઠળ કૃષિપંચ મામલતદાર દાહોદ કોર્ટમાં કેશ ચાલતા હોય આ ખેડુત તરીકેના પુરાવા માટે અબ્દુલ રહિમ અબ્દુલ સત્તાર ફોદા, મોહસીન અબ્દુલ રજા ઘંતીયા, અબ્દુલ રજાક અબ્દુલ રહિમ ઘંતીયાને હાજર રહેવા માટે ૨૦/૦૨/૨૦૨૩ અને ૦૯/૦૩/૨૦૨૩ની નોટીસ દ્વારા હાજર રહેવા મુદ્દત આપેલ હતી. તેમ છતાં મુદ્દતમાં હાજર ન રહેતા આવતી મુદ્દત ૦૩/૦૪/૨૦૨૩ની હતી. જેમાં હાજર રહ્યા ન હતા. અબ્દુલ રહિમ અબ્દુલ સત્તાર ફોદા દાહોદમાં ખેતીની જમીન ખરીદતા અગાઉ ખેડુત હોવાના પુરાવા રજુ કરેલ નથી. અબ્દુલ રહિમ અબ્દુલ સત્તાર ફોદા મોજે. પોપટપુરા, તા.ગોધરાની રે.સ.નં. ૬૦/૪૬ વાળી જમીનમાં વેચાણ નોંધ નં.૧૨૧૨ થી દાખલ થયેલ હતા. આ નોંધથી ખેડુત ખાતેદાર બનેલા હોવાનું જણાઈ આવ્યું હતું. દાહોદ(ક)ના ખાતા નં.૧૦૪ના રે.સ.નં.૪૭૦વાળી જમીનમાં નોંધ નં.૨૯૩૧૨ થી અબ્દુલ રહિમ અબ્દુલ સત્તાર ફોદા વેચાણ રાખેલ જમીનની નોંધ હતી. પરંતુ સદર જમીન વેચાણ રાખનાર મૂળથી ખેડુત ખાતેદાર હોવાના પુરાવા રજુ કરેલ ન હોવાથી તત્કાલીન મામલતદાર એ નોંધ નામંજુર કરી હતી. આ બિનખેડુત કેસમાં કૃષિપંચ મામલતદાર દાહોદ દ્વારા અબ્દુલ રહિમ અબ્દુલ સત્તાર ફોદા બિનખેડુત હોવા છતાં વેચાણના આધારે ખેડુતનો દરજજો મેળવેલ છે. વેચાણ થી જમીન મેળવનાર બિનખેડુત હોય અને ખેતી સાથે સંકળાયેલ હોવાના પુરાવા રજુ થયા ન હોય ત્યારે ગણોતધારા જોગવાઈ વિરૂદ્ધ કૃત્ય હોય જેથી અબ્દુલ રહિમ અબ્દુલ સત્તાર ફોદા સહિતની વ્યકિતઓએ ધારણ કરેલ સ્વતંત્ર/સંયુકત માલિકીની જમીનો મુંબઈ ગણોત વહીવટ અને ખેતી જમીન અધિનિયમ ૧૯૪૮ થી કલમ ૬૩નો ભંગ થતો હોય ગણોતધારાની કલમ ૮૪(સી) હેઠળ સરકાર હસ્તક દાખલ કરવાનો હુકમ કરવામાં આવ્યો.

## ગોધરા કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય વાર્ષિક દિવસની ઉજવણી કરાઈ

ગોધરા, ગોધરા દ્વારા વાર્ષિક દિવસની ઉજવણી કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય આ.કૃ.યુ., ગોધરા દ્વારા તા.૦૬/૦૪/૨૦૨૩ ના રોજ કોલેજ વાર્ષિક દિવસની ઉજવણી આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ, ડો. કે.બી.કથીરીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી. સદર કાર્યક્રમમાં દોંગા વોટરટેક પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદના મેનેજીંગ ડાયરેક્ટર અને ચેરમેન, રાકેશ દોંગા મુખ્ય મહેમાનપદે તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ, ડો. એમ.કે.ઝાલા, કુલસચિવ, ડો. જી.આર. પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને આશીર્વચન




આપીને પ્રોત્સાહિત કર્યા. કોલેજના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, ડો. આર. સુખૈયાહ દ્વારા કોલેજ તરફથી છેલ્લા પાંચ વર્ષમાં હાંસલ કરેલ સિધ્ધિઓનો પ્રગતિ અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યો. તેમજ સદર કાર્યક્રમમાં યુનિવર્સિટી અને મહાવિદ્યાલય દ્વારા ગત વર્ષ દરમ્યાન આયોજન કરવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને એમના ઉમંગ અને ઉત્સાહમાં વધારો કરવામાં આવ્યો. વધુમાં, કાર્યક્રમ દરમ્યાન મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરવામાં આવી. સદરહું કાર્યક્રમમાં યુનિવર્સિટીના અધિકારીઓ અને જુદી જુદી કોલેજોના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષઓ પણ ઉપસ્થિત રહ્યા અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો. કાર્યક્રમના અંતમાં અત્રેની કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયના વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદના ચેરમેન, ડો. આર. સી. સાળુંખે તેમજ મહાવિદ્યાલયના મહામંત્રી ઋષભ બોદર્યા દ્વારા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ તમામ અધિકારીઓનું અને કર્મચારી અને વિદ્યાર્થીઓનું કાર્યક્રમમાં હાજર રહી તેને સફળ બનાવ્યો એ બદલ આ સર્વેનો આભાર વ્યક્ત કરી આ કાર્યક્રમને પૂર્ણ ઘોષિત કરવામાં આવ્યો.

## ગોધરા વ્હોરા ગ્રાઉન્ડ સામેથી ગૌવંશના માંસનો ૩૧૨ કિલો જથ્થો પોલીસે ઝડપ્યો : આરોપીઓ ફરાર

ગોધરા, ગોધરા શહેર વ્હોરા ગ્રાઉન્ડ માસુમ મસ્જીદ સામે આરોપી કોઈ જગ્યાએ ગૌવંશનું કટીંગ કરાવી થેલામાં માંસનો જથ્થો લઈ પસાર થતો હોય તે સમયે પોલીસે રેઈડ કરી ૬૨,૪૦૦/- રૂપીયાના મુદ્દામાલ કબ્જે લીધો આરોપી નાશી છુટીયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર વ્હોરા ગ્રાઉન્ડ સામે આવેલ માસુમ મસ્જીદ સામે આરોપી ઈમ્તીયાઝ અબ્દુલ હમીદ સુરતી ઉર્ફે ભોપલી, જાફર ઈશાક ભાઈ જમાવ ઉર્ફે જાફર, કાસીમ મકસુદ હયાત એ કોઈ જગ્યાએ ગૌવંશી કટીંગ કરી કરાવડાવ્યું હતું અને ચાર થેલામાં ગૌવંશનો જથ્થો ભરી લાવ્યા હોય તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી ચાર થેલા માંથી કુલ -૩૧૨ કિલો કિંમત ૬૨,૪૦૦/- રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યા. રેઈડ દરમિયાન આરોપીઓ નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.



શાંતિ કુંજ હરિદ્વારના તત્વાવધાનમાં પંચમહાલ ઉપઝોનના મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના નાના ભાગલીયા ગામે નારી સશક્તિકરણ વર્ષ ૨૦૨૨-૨૩ અંતર્ગત ૨૪ કુંડી નવચેતનાં જાગરણ ગાયત્રી મહાયજ્ઞના પ્રથમ દિવસે પ્રકૃતિના ખોળે મહીસાગરના આરે ભવ્યાતી ભવ્ય માઁ ગંગાનું પૂજન અર્ચન કરતા ગાયત્રી પરિવારજનોનું અદભુત દ્રશ્ય.

## ઘોઘંબાના રાયણના મુવાડા ગામે બે બાઈક વચ્ચે થયેલ અકસ્માતમાં એક વ્યકિતનું મોત

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના રાયણના મુવાડા ગામે બાઈક ચાલક રોંગ સાઈડ બાઈક હંકારી લાવી અન્ય બાઈકને અકસ્માત કરી ચાલકને ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના રાયણના મુવાડા ગામે રોડ ઉપરથી પસાર થતી બાઈક નં.જીજે.૧૭.સીબી.૭૧૭૯ના ચાલકે પુરઝડપે રોંગ સાઈડ બાઈક હંકારી લાવ્યો હતો અને મોટર સાયકલ નં. જીજે.૧૭.બીજે.પ૨૬૯ને ટકકર મારી અકસ્માત સર્જાતા બાઈક ચાલક કલ્પેશભાઈ ઉર્ફે કમલેશભાઈ ભૂપતભાઈ નાયકને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. વડોદરા એસ.એસ.જી.માં તબીબે મૃત જાહેર કર્યા આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલના અલીદ્રા ગામે બાઈક ચાલક રોડ સાઈડમાં ઝાડ સાથે અથડાતા સારવાર દરમિયાન મોત

કાલોલ, કાલોલ તાલુકાના અલીદ્રા ગામે સીંગલ પટ્ટી કાચા રોડ ઉપર પસાર થતાં બાઈક નં.જીજે.૧૭.સીડી.૧૪૪૮ના ચાલક પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રોડ સાઈડમાં નીલગરી સાથે અથડાતા ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના અલીદ્રા ગામે જાહેર સીંગલ પટ્ટી કાચા રોડ ઉપરથી બાઈક નં.જીજે.૧૭.સીડી.૧૪૪૮ના ચાલક સુનિલસિંહ કિશનભાઈ રાઠોડ (દોલતપુરા, કાલોલ) પોતાની બાઈક પુરઝડપે હંકારી લાવી રોડ સાઈડમાં નીલગરીના ઝાડ સાથે અથડાતા માથાના ભાગે અને શરીરે ઈજાઓ પહોંચાડતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઝાલોદ નગરમાં હનુમાન જન્મોત્સવ નિમિત્તે વણકતલાઇ હનુમાનજી મંદિરે ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા

ઝાલોદ, ઝાલોદ નગરમાં આવેલ ચમત્કારિક મંદીર તેમજ હાજરા હજૂર એવા દેવ હનુમાનજી ભગવાનના જન્મોત્સવ નિમિત્તે વણકતલાઇ હનુમાનજી મંદિરે દર્શન કરવા ભક્તો ઉમટી પડ્યા હતા. ચૈત્ર સુદ પુનમ ૦૬-૦૪-૨૦૨૩ ગુરૂવારના રોજ વણકતલાઇ મંદીરે હનુમાન જન્મોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

આમ, તો ઝાલોદ નગરના દરેક હનુમાનજી મંદિરે હનુમાન જન્મોત્સવ નિમિતે વિવિધ પ્રોગ્રામ રાખવામાં આવતા હોય છે તેમાં ભાવિક ભક્તો શ્રદ્ધાભેર જોડાતા હોય છે. ઝાલોદ નગરનું સૌથી પ્રાચીન મંદિર વણકતલાઇ હનુમાનજી મંદિર પ્રત્યે નગરના ભક્તોના મનમાં વિશેષ શ્રદ્ધા અને આસ્થા જોડાયેલી છે. વણકતલાઇ હનુમાનજી મંદિરે બિરાજમાન દેવ હાજરા હજૂર છે. અહીંયાં ભક્તો દ્વારા માંગવામા આવતી દરેક મનોકામના પૂર્ણ થાય છે. વર્ષો પહેલાં આ હનુમાનજી મંદિર એક નાનકડું મંદીર હતું. ધીરે ધીરે આ મંદિર પ્રત્યે નગરના લોકોનો આસ્થા અને વિશ્વાસ વધવા લાગ્યો અને આ મંદિર ખૂબ મોટું પરિસર બની ગયું. આ મંદિર પરિસરમાં શિવ પરિવાર, અંબે માતા, જલારામ બાપા, ખાંટુ શ્યામજી, રામ દરબાર, લક્ષ્મી વિષ્ણુ ભગવાન બિરાજમાન છે. જેથી આ મંદિરે મોટા પ્રમાણમાં દર્શનાર્થીઓ ઉમટવા લાગ્યા અને આ ચમત્કારિક મંદિર પ્રત્યે લોકોની આસ્થા વધતી થઈ હતી.

ઝાલોદ નગરના હનુમાનજી મંદિરે ભાવિક ભક્તો સવારથીજ મંદિરે દર્શન કરવા ઉમટી પડેલ હતું. ભાવિક ભક્તો સવારથી જ હનુમાન જન્મોત્સવ નિમિત્તે ચુરમાંનો ભોગ લગાવવામાં ભક્તોનો ઘસારો જોવા મળ્યો હતો. હનુમાનજી મંદિરે આજે વિશેષ શણગારને જોઈ ભક્તો પ્રફુલ્લીત જોવા મળતા હતા. રાતના અંધારામાં મંદિર પર રોશની તેમજ હનુમાન દાદાના મંદિર પરની રોશનીનો નજારો ખૂબ જ નયનરમ્ય લાગતો હતો. આજે હનુમાન જન્મોત્સવ નિમિતે સંગીતમય ભજન સાથે સુંદરકાંડનુ આયોજન કરવામાં આવ્યું હતું. હનુમાનજી મંદિરે યોજાયેલ મહાપ્રસાદનો લાભ હજારો લોકોએ લીધો હતો. હનુમાનજી મંદિરે છેલ્લે મહાઆરતી યોજાઈ હતી આ મહાઆરતીનો લાભ ભાવિક ભક્તોએ લીધો હતો. આમ, આખો દિવસ ભક્તિભાવ ભર્યા વાતાવરણ વચ્ચે હનુમાન જન્મોત્સવની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી.

## ધાનપુરના નવાનગરના ૧૯ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ, દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નવા નગર ગામના પાની વડીયા ફળિયાના ૧૯ વર્ષીય લબરમુછીયા યુવાને અગમ્ય કારણોસર પોતાના ખેતરમાં આવેલ મહુડાના ઝાડની ડાળીએ લુંગી વડે ગળે ફાંસો ખાઈ લટકી જઈ આયખું ટુકાવ્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નવા નગર ગામના પાનીવડીયા ફળિયામાં રહેતા ૧૯ વર્ષીય રાહુલભાઈ વાઝુભાઈ ભુરીયાએ ગતરોજ સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે કોઈ અગમ્ય કારણોસર પોતાના ખેતરમાં આવેલ મહુડાના ઝાડની ડાળીએ લુંગી વડે ગળે ફાંસો ખાઈ લટકી જઈ જીવતર ટુંકાવી લીધું હતું. આ સંબંધે મરણજનાર રાહુલભાઈ વાગુભાઈ ભુરીયાની માતા ૫૩ વર્ષીય સોનાબેન વાગુભાઈ સવલાભાઈ ભુરીયાએ ધાનપુર પોલીસ સ્ટેશને લેખીત જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે દોડી આવી હતી અને મરણજનાર રાહુલભાઈ ભુરીયાની મહુડાના ઝાડની ડાળીએ લટકતી લાશને ગામ લોકોની મદદથી ઝાડની ડાળીએથી નીચે ઉતારી પંચો રૂબરૂ પંચનામુ કરી લાશને પોસ્ટ મોર્ટમ માટે ધાનપુર સરકારી દવાખાને મોકલી આપી આ સંદર્ભે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલના ભેલીદ્રા ગામે રોડ ઉપર બેઢીયાના ૪૨ વર્ષીય વ્યકિતનું અકસ્માતમાં મોત

કાલોલ, કાલોલ તાલુકાના ભેલીદ્રા ગામે રોડ ઉપરથી બેઢીયા ગામના ૪૨ વર્ષીય વ્યકિતનું અકસ્માતમાં મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ભેલીદ્રા ગામ પાસે જાહેર રોડ ઉપર અકસ્માતમાં એક વ્યકિતનું મોત થયેલ હોય તપાસ દરમિયાન મૃતક વ્યકિત બેઢીયા ગામના કિરણસિંહ પ્રતાપસિંહ ચૌહાણ ઉ.વ.૪૨નું મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## દાહોદ જીલ્લામાં બાઈક ચોર ટોળકીના આંતક વધ્યો પોલીસે આવા ચોરોને ઝડપે તે જરૂરી

દાહોદ, દાહોદ જિલ્લામાં સક્રીય થયેલી બાઈક ચોર ટોળકીઓ પોતાનો કસબ અજમાવી પોતાના એક પછી એક કામને બેખોફ અંજામ આપી પોલીસના નાકમાં દમ લાવી રહી છે અને વાહન ધારકોની ચિંતા વધારી રહી છે. તેવા સમયે જિલ્લામાં બાઈક ચોરીના બનેલા બે બનાવો પોલીસ દફતરે નોંધાયાનું જાણવા મળ્યું છે. દાહોદ જિલ્લામાં બાઈક ચોરીના બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ દાહોદ ગલાલીયાવાડ, સાંઈ ખુશી સોસાયટીમાં ગત તા. ૨૦મી માર્ચના રોજ રાત્રીના સમયે બનવા પામ્યો હતો. જેમાં દાહોદ એમજી રોડ પર મોચીવાડમાં રહેતા અનમે નોકરી કરતા વિશાલભાઈ વિજયકુમાર સોનીની સાંઈ ખુશી સોસાયટીમાં એક મકાન આગળ લોક મારીને પાર્ક કરેલ રૂા. ૧,૧૬,૫૭૯ની કિંમતની કાળા કલરની જીજે-૨૦ એ.કે.૭૨૩૯ નંબરની બુલેટ મોટર સાયકલ કોઈ બાઈક ચોર ચોરી લઈ ગયો હતો. આ સંબંધે દાહોદ એમ.જી.રોડ, મોચીવાડમાં રહેતા વિશાલભાઈ વિજયકુમાર સોનીની ફરિયાદને આધારે દાહોદ બી ડીવીઝન પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જયારે જિલ્લામાં બાઈક ચોરીનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના સીમલીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં સીમલીયા તળ ફળિયામાં રહેતા લલીતભાઈ દિનેશભાઈ ડામોર ગત તા. ૨૯-૩-૨૦૨૩ના રોજ સાંજના ચારેક વાગ્યાના સુમારે સીમલીયા મોટા પાડલા ફળિયામાં તેના કાકાના છોકરાની કંકોતરી આપવા રૂપિયા ૨૦,૦૦૦ની કિંમતની જીજે-૨૦ ઈ-૧૫૯૭ નંબરની ચેતનભાઈ બાદસીંગભાઈની મોટર સાયકલ લઈ ગયો હતો અને તે મોટર સાયકલ ભીખાભાઈ પુનીયાભાઈ મકવાણાના ઘર આગળ લોક મારી પાર્ક કરી હતી. તે મોટર સાયકલ કોઈ બાઈક ચોર અડધા કલાકના સમય ગાળામાં જ ચોરીને લઈ ગયો હતો. આ સંબંધે સીમલીયા ગામના લલીતભાઈ દિનેશભાઈ ડામોરે નોંધાવેલ ફરિયાદને આધારે લીમડી પોલીસે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જુનિયર કલાર્કની પરીક્ષાની ગરિમા જળવાઇ રહે તેવી માઇક્રો પ્લાનિંગ વ્યવસ્થા સાથે પંચમહાલ જિલ્લા વહીવટીતંત્ર સુસજ્જ

ગોધરા, ગુજરાત પંચાયત સેવા પંસદગી મંડળ ગાંધીનગર દ્વારા જુનિયર કલાર્કની (વહીવટ/હિસાબ)ની સ્પર્ધાત્મક પરીક્ષા આગામી રવિવાર તા.૯/૪/૨૦૨૩ના રોજ રાજયભરમાં યોજાનાર છે.

પંચમહાલ જિલ્લામાં જુનિયર કલાર્કની લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના આયોજન અને તૈયારીની વિગતો પ્રેસને આપતા, પંચમહાલ જિલ્લા કલેકટર આશિષ કુમારે જણાવ્યું હતું કે,પરીક્ષાની ગરિમા જળવાઇ રહે તેવી માઇક્રો પ્લાનિંગ વ્યવસ્થા કરાઇ છે. આગામી રવિવારને તા.૯/૪/૨૦૨૩ના રોજ લેવાનારી જુનિયર કલાર્કની પરીક્ષા માટે




પંચમહાલ જિલ્લામાં કુલ ૧૯,૨૬૦ ઉમેદવારો, અલગ અલગ ૫૪ પરીક્ષાકેન્દ્રો ઉપરથી પરીક્ષા આપશે. આ માટે ૬૪૨ વર્ગ ખંડોમાં કોઇપણ પ્રકારની ગેરરીતિ ના થાય તે પ્રકારે તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. સીલ્ડ વાહનો અને સીલ બંધ પ્રશ્નપત્રો, પરીક્ષા પહેલા ૧૫ રૂટ મારફતે સુપરવાઇઝરો દ્વારા પરીક્ષા ખંડ સુધી, પોલીસ સ્કવોડ સાથે પહોંચાડવામાં આવશે.ગોધરાની તેલંગ હાઇસ્કૂલમાં સ્ટ્રોંગરૂમની વ્યવસ્થા કરવામાં આવી છે.

કલેકટરએ વધુમાં કહ્યું હતું કે, રાજ્ય સરકારની SOP પ્રમાણે પરીક્ષા કેન્દ્રોની લોબી, તથા બ્લોકરૂમમાં ઈઈઝટ સહિતની બધી જ તૈયારીઓ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. ફલાઇંગ સ્કવોડની રચના કરાઇ છે. પરીક્ષા કેન્દ્ર સંચાલક અને વર્ગખંડ નિરીક્ષકની વ્યવસ્થા અને તેમને તાલીમ, રિઝર્વ્ડ સ્ટાફની વ્યવસ્થા કરાઇ છે અને તેમને તાલીમ આપી દેવામાં આવી છે. આ પરીક્ષા માટે ૮ પી.આઇ., ૬૦ પી.એસ.આઇ.,૧૦૮ હેડ કોન્સ્ટેબલ/કોન્સ્ટેબલ સહિત કુલ ૩૩૯ પોલીસ કર્મચારીઓ/અધિકારીઓને બંદોબસ્તની જવાબદારી સોંપવામાં આવી છે.

પંચમહાલ જિલ્લા કલેકટર આશિષ કુમારે તમામ પરીક્ષાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી,ઉમેર્યું હતું કે, ઉમેદવારને પરીક્ષાલક્ષી અન્ય કોઇ માહિતીની જરૂરિયાત હોય તો, માર્ગદર્શન મળી રહે તે હેતુથી જિલ્લા પંચાયત કચેરી, પંચમહાલ-ગોધરા ખાતે હેલ્પલાઇન નંબર ૦૨૬૭૨-૨૫૩૩૫૨ કાર્યરત કરવામાં આવ્યો છે. ઉમેદવારો પરીક્ષા ખંડમાં કોઇપણ સંજોગોમાં ડિજિટલ ઉપકરણો જેવાકે, મોબાઇલ ફોન, કેલ્ક્યુલેટર, ડિજિટલ વોચ લઇ જઇ શકશે નહીં. માત્ર સાદી ઘડિયાળ,પેન અને ઓળખનો પુરાવો લઇ જઇ શકશે. ઉમેદવારે પોતે જ પોતાનો કોલલેટર ડાઉનલોડ કરીને લઇ જવાનો છે. રાજય અને જિલ્લા કક્ષાએથી S.T. બસોની વ્યવસ્થામાં કોઇ ખામી ના સર્જાય, S.T. બસોની સંખ્યા વધે, ઉમેદવારોને તકલીફ ના પડે એ પ્રકારે બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.

શહેર/જિલ્લા પરીક્ષા સમિતિના અદયક્ષ અને ચીફ ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર તરીકે સમગ્ર પરીક્ષા જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારિયા ફરજ નિભાવી રહ્યા છે. જિલ્લા કલેકટર દ્વારા સમગ્ર પરીક્ષાનું સીધું મોનિટરિંગ અને માર્ગદર્શન કરાઇ રહ્યું છે.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ડી.કે.બારિયા, ડેપ્યુટી ડી.ડી.ઓ. મકવાણા,નાયબ માહિતી નિયામક પારૂલ મણિયાર અને પ્રેસ મીડિયાના મિત્રો હાજર રહ્યા હતા.